P.07
મૃણાલ ઠાકુરની ડકૈત ફિલ્મ ચોથી વાર પાછળ ઠેલાઈ



ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673
તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૧૭ । વિક્રમ સંવત ૨૦૮૨ : ફાગણ વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 217 • Dt.06-03-2026 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07
સોનલ ચૌહાણ દુબઈમાં, ઈશા ગુપ્તા અબુધાબીમાં ફસાઈ ગયાં



ઈરાને અઝરબૈઝાન પર કર્યા ડ્રોન હુમલા, યુદ્ધમાં ઓસ્ટ્રેલિયાની પણ એન્ટ્રી, દોહામાં ભારે ધડાકા



07

06
MARCH- 2026
FRIDAY



07

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ યુદ્ધ: ૬ દિવસમાં ૧૨૦૦થી વધુના મોત




## ન્યૂઝ બ્રિફ

### તરસાલી આઈ.ટી.આઈ. માં ત્રિ-દિવસીય સ્પોર્ટ્સ વીકની ભવ્ય ઉજવણી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

કૌશલ્ય વિકાસ સાથે રમતગમતની ભાવના વિકસે તે હેતુસર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) તરસાલી ખાતે તાજેતરમાં વાર્ષિક ત્રિ-દિવસીય સ્પોર્ટ્સ વીકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૫ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ રમતોત્સવમાં સંસ્થામાં કાર્યરત ૪૦થી વધુ વિવિધ ટ્રેડના ૨૦૦૦થી વધુ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની ખેલપ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સ્પોર્ટ્સ વીક દરમિયાન વોલીબોલ, ખો-ખો, રસ્સાખેંચ, બેડમિન્ટન, ગોળા ફેંક, સ્લો સાયકલિંગ, સંગીત ખુરશી, ડોઝ બોલ તેમજ કેરમ જેવી મેદાની અને ઈન્ડોર રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ભાવનગર : કારે અડફેટે લઈ અકસ્માત સર્જતા બાઈક ચાલકનું મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૫ ।

બગદાણા નજીક જેસર ચોકડી પાસે કારે અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નિપજ્યું છે. બનાવ અંગે બગદાણા પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધાયો છે.મહુવા તાલુકાના કરમદીયા ગામે રહેતા દુલાભાઈ બાલુભાઈ ઠુમ્મરે બગદાણા પ ોલીસ મથકમાં સફેદ કલરની ૫૮૨૧ નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના ભત્રીજા જેન્તીભાઈ મુળજીભાઈ ઠુમ્મર તેમનું જીજે-૦૫-બીએલ-૫૦૭૭ નંબરની બાઈક લઈને બગદાણા દર્શન કરી કરમદીયા ગામે તેમના ઘરે જતા હતા.

### ધૂળેટીમાં વડોદરા જિલ્લામાં ડૂબી જતા તેમજ કરંટ લાગતા પાંચના જીવ ગયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

વડોદરા જિલ્લામાં ધૂળેટીના દિવસે ડૂબી જતા, કરંટ લાગવા સહિતના કુલ પાંચ બનાવમાં પ ાંચ વ્યક્તિના મોત નિપજ્યા હતાં. ડેસર તાલુકાના સાંઢાસાલ ગામમાં આવેલા ટેકરાવાળા ફળિયામાં રહેતો જયદીપ રંગીતસિંહ ગોહીલ મિત્રો સાથે સાવલી તાલુકાના તુલસીપુરા ગામની સીમમાં ધૂળેટી રમવા માટે ગયો હતો. દરમિયાન સવારે તુલસીપુરા ગામની સીમમાં કેસુડાના ઝાડ પર ચઢી ફૂલ તોડવા જતા ઝાડ પરથી પસાર થતી ઈલેક્ટ્રિક લાઈનના વાયર સાથે કરંટ લાગતા ઝાડ પરથી પ ટકાયેતા જયદીપનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.અન્ય બનાવમાં આણંદ જિલ્લાના વિદ્યાનગર-કરમસદરોડ પર આવેલી વૈકુંઠ પુષ્પક સોસાયટીમાં રહેતા સંદિપ સુરેશભાઈ અગ્રવાલ ડેસર તાલુકાના નાની વરણોલી ગામની સીમમાં દેવીશંકર આશ્રમ પાસેની મહી નદીની પાસે ખુલ્લી જગ્યામાં ધૂળેટી રમતા હતા.

**ખાણીપીણી માટે વિશ્વ વિખ્યાત રહેલું સુરત શહેર હવે ભેળસેળયુક્ત ડેરી પ્રોડક્ટનું હબ બની રહ્યું છે**

પ્રોજેક્ટ હેઠળ હયાત બ્રિજના સુપરસ્ટ્રક્ચરને બદલીને તેની જગ્યાએ અત્યાધુનિક સ્ટીલ ગર્ડરનો ઉપયોગ કરવામાં આવશે, જેથી બ્રિજની મજબૂતી અને આયુષ્યમાં વધારો થશે । સમગ્ર કામગીરી માટે દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.ને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવ્યો

# અમદાવાદ : સુભાષબ્રિજનું ટેન્ડર મંજૂર । ૩૯૧ કરોડના ખર્ચે બનશે આઠ લેન

**પ્રથમ તબક્કામાં, હાલના સુભાષબ્રિજના ફેઝ-૧ હેઠળના તમામ સ્પાનના ઉપરના ભાગને સંપૂર્ણપણે હટાવી દેવામાં આવશે । તેની જગ્યાએ 'કોમ્પોઝીટ સ્ટીલ ગર્ડર' પ્રકારનું નવું ૪-લેનનું માળખું તૈયાર કરાશે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ શહેરની મધ્યમાં સાબરમતી નદી પર આવેલો જૂનો સુભાષબ્રિજ હવે નવા રંગરૂપમાં જોવા મળશે. ૮ લેન બનાવવા માટે ૩૯૧ કરોડનું ટેન્ડર મંજૂર શહેરના વધતા જતાં ટ્રાફિક ભારણને હળવો કરવા અને વાહનચાલકોની સુવિધા માટે તંત્ર દ્વારા સુભાષબ્રિજને ૪-લેનમાંથી કુલ ૮-લેન સુધી વિસ્તરણ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ હયાત બ્રિજના સુપરસ્ટ્રક્ચરને બદલીને તેની જગ્યાએ અત્યાધુનિક સ્ટીલ ગર્ડરનો ઉપયોગ કરવામાં આવશે, જેથી બ્રિજની મજબૂતી અને આયુષ્યમાં વધારો થશે. આ સમગ્ર કામગીરી માટે દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.ને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવ્યો છે.પ્રથમ તબક્કામાં, હાલના સુભાષબ્રિજના ફેઝ-૧ હેઠળના તમામ સ્પાનના ઉપ રના ભાગને (સુપરસ્ટ્રક્ચર) સંપૂર્ણપણે હટાવી દેવામાં આવશે. તેની જગ્યાએ 'કોમ્પોઝીટ સ્ટીલ ગર્ડર' પ્રકારનું નવું ૪-લેનનું માળખું તૈયાર કરાશે. મહત્ત્વની વાત એ છે કે, હયાત બ્રિજના પિલર (સબસ્ટ્રક્ચર) અને પાયા(ફાઉન્ડેશન)ને તોડવાને બદલે, ડિઝાઈન કન્સલ્ટન્ટ 'મલ્ટીમીડિયા કન્સલ્ટન્ટ પ્રા.લી.' દ્વારા તૈયાર કરવામાં આવેલી ખાસ મેથડોલૉજી મુજબ તેમને મજબૂત (સ્ટ્રેન્ધનીંગ) કરવામાં આવશે. આ કામગીરી માટે ૯ માસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, જેથી ઝડપથી ટ્રાફિક હળવો કરી શકાય.બીજા તબક્કામાં, હાલના બ્રિજની બંને બાજુએ ૨-૨ લેનના નવા સેપરેટ બ્રિજ બનાવવામાં આવશે. આ નવા બ્રિજ આધુનિક 'આઈકોનીક સ્ટીલ સ્ટ્રક્ચર' અને આકર્ષક 'ફસાડ લાઈટીંગ' સાથે સજ્જ હશે, જે સાબરમતી રિવરફ્રન્ટની સુંદરતામાં વધારો કરશે.



આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૩૬૧.૩૯ કરોડ છે, જ્યારે ટેન્ડરની રકમ ૨૩૬ કરોડ રાખવામાં આવી છે. સમગ્ર પ્રોજેક્ટ ૨૪ માસમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે, જેના અંતે શહેરને કુલ ૮-લેનની સુવિધા ધરાવતો એક ભવ્ય અને મજબૂત બ્રિજ મળશે.વર્તમાન બ્રિજ ૪૫૪ મીટર લાંબો અને ૧૮ મીટર પહોળો છે, જેમાં ૭૬.૨૫ મીટરના ૫ સ્પાન અને ૩૬.૫૦ મીટરના ૨ સ્પાન આવેલા છે.બ્રિજની મજબૂતી વધારવા માટે હયાત 'વેલ ફાઉન્ડેશન' સાથે હવે વધારાના તમામ પીયરમાં ૧૫૦૦ થી ૧૮૦૦ એમ.એમ. ડાયાના પાઈલ ફાઉન્ડેશન કરવામાં આવશે.નવા બનાવવામાં આવનાર સ્પાન ૩૮ મીટરના રહેશે. સ્ટીલ સુપર-સ્ટ્રક્ચરનો ઉપયોગ થવાથી જૂના વેલ ફાઉન્ડેશન પર વજન ઘટશે અને બ્રિજની વજન વહન કરવાની ક્ષમતામાં વધારો થશે.હયાત બ્રિજની બંને બાજુએ નવા ૨-૨ લેન (કુલ ૪ લેન) ના બ્રિજ બનાવવામાં આવશે. ૪૫૪ મીટર લંબાઈના આ બ્રિજની પહોળાઈ ૧૦.૫૫ મીટર રહેશે, જેમાં ૮ મીટરનો કેરેજ વે, ફૂટપાથ અને ક્રેશ બેરિયરની સુવિધા હશે.નદી તરફની પેરાપેટ વોલ પર આધુનિક આઈકોનિક સ્ટીલ સ્ટ્રક્ચર અને પ્રોગ્રામેબલ ફસાડ લાઈટિંગ લગાવવામાં આવશે, જે રાત્રિના સમયે બ્રિજને ભવ્ય લુક આપશે.

**ઈરાન-ઈઝરાયલના યુદ્ધની અસર ગુજરાત પર**

# ઉદ્યોગોના ગેસ પૂરવઠાની સપ્લાયમાં ૫૦ ટકાનો કાપ મૂકવાનો ગુજરાત ગેસનો નિર્ણય

**મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયંકર સંઘર્ષની સીધી અસર હવે વિશ્વના બીજા નંબરના સૌથી મોટા મોરબી સિરામિક ક્લસ્ટર પર પડી રહી છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

ભારતને સૌથી વધુ કુદરતી ગેસ આયાત કરનાર દેશ કતારે ગેસ પુરવઠા અંગે ફોર્સ મેજ્યોર (અનિવાર્ય પરિસ્થિતિ) જાહેર કરી છે. ઈરાનનાં ડ્રોન હુમલા પછી ઉત્પ ાદન ઠપ થવાને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. આ વચ્ચે હવે ગુજરાત ગેસ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતમાં ઉદ્યોગોના ગેસ પૂરવઠાની સપ્લાયમાં ૫૦ ટકા કાપ મૂકાયો છે.મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયંકર સંઘર્ષની સીધી અસર હવે વિશ્વના બીજા નંબરના સૌથી મોટા મોરબી સિરામિક ક્લસ્ટર પર પડી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે R-LNG ની ઉપલબ્ધતામાં સર્જાયેલા વિક્ષેપને કારણે ગુજરાત ગેસ લિમિટેડએ ગેસ વેચાણ કરારની જોગવાઈઓ હેઠળ 'ફોર્સ મેજર' (અનિવાર્ય સંજોગો) જાહેર કરી છે. આ અંતર્ગત ૬ માર્ચ ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી તમામ સિરામિક એકમોના ગેસ સપ્લાયમાં મોટો કાપ જાહેર કરવામાં આવ્યો છે. નિયમિત ગ્રાહકો માટે ફેબ્રુઆરી ૨૦૨૬ ના સરેરાશ દૈનિક વપ રાશના આધારે નવો DCQ માત્ર ૫૦% નક્કી કરાયો છે. કંપનીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ એકમ નિર્ધારિત ક્વોન્ટિટી કરતા વધુ ગેસ વાપરશે, તો કોઈપણ પૂર્વ સૂચના વિના તેમનો પુરવઠો તાત્કાલિક સ્થગિત કરી દેવામાં આવશે.

**યુદ્ધ જોખમ વિમા અને શિપિંગ ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી**



બીજી તરફ, Non-MGO (મિનિમમ ગેરંટીડ ઓફટેક) ગ્રાહકો માટે નિયમો અત્યંત કડક બનાવતા તેમનો દૈનિક ક્વોટા (DCQ) ૬ માર્ચથી સંપૂર્ણપણે શૂન્ય (Zero) કરી દેવાયો છે. ગુજરાત ગેસે સ્પષ્ટ કર્યું છે કે તેઓ Non-MGO યુનિટ્સને ગેસ વાપરવા માટે પ્રોત્સાહિત કરતા નથી, અને જો આવા એકમો ગેસનો ઉપયોગ કરશે તો તેને 'એક્સેસ ગેસ' ગણી ઊંચા ચાર્જ વસૂલવામાં આવશે. એટલું જ નહીં, જો આવા એકમોમાં વપરાશ માલૂમ પડશે તો કોઈપણ સૂચના આપ્યા વગર સીધું જ કનેક્શન કાપી નાખવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કટોકટીને કારણે લાદવામાં આવેલા આ ગેસ કાપ થી મોરબીના હજારો સિરામિક એકમોના ઉત્પાદન અને કામગીરી પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે.ભારત દર વર્ષે ૨.૭ કરોડ ટન લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ની આયાત કરે છે જે પૈકી ૪૦ ટકા ખરીદી કતાર પાસેથી કરવામાં આવે છે. આ ગેસનો ઉપયોગ વીજળી ઉત્પાદન, ખાતર નિર્માણથી લઇને સીએનજી અને પાઇપવાળુ રસોઇ ગેસ (પીએનજી) જેવા પ્રમુખ ક્ષેત્રોમાં થાય છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર ગેસ આયાત કરનાર કંપની પેટ્રોનેટ એલએનજી લિમિટેડને ગેસ વિતરણ કંપનીઓને જણાવ્યું છે કે ઇઝરાયેલ અને અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાઓનાં જવાબમાં ઇરાન દ્વારા ખાડી દેશો પર કરવામાં આવી રહેલા સતત હુમલાઓને કારણે કતારે પોતાનું એલએનજી ઉત્પ ાદન બંધ કરી દીધું છે.આ હુમલાઓને કારણે હોર્મુઝ સમુદ્ર માર્ગનાં માધ્યમથી ઓઇલ અને એલએનજીનું પરિવહન બંધ થઇ ગયું છે. જેના કારણે વૈશ્વિક સ્તરે ઓઇલ અને ગેસનાં ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. આ ઉપરાંત યુદ્ધ જોખમ વિમા અને શિપિંગ ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી છે.

**તંત્રની ટીમે ૧૦૦૯ સ્થળે દરોડા પાડી ૯૨૨ વાહન જપ્ત કર્યા**

# સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગે એક વર્ષમાં રૂા.૧૫ કરોડનો દંડ વસૂલ્યા

**ખનીજ વિભાગની સાથે પોલીસ અને મહેસૂલ તંત્રના સંયુક્ત ઓપરેશનથી ભૂમાફિયાઓની કમર ભાંગી**

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૯ ।

વડોદરા કોર્પોરેશન હસ્તકના વિવિધ સ્થળો પર સોલાર ટ્રી લગાવવાના રૂ.૪.૬૮ કરોડ ખર્ચાશેવડોદરા ઈનીસીએટીવ ટુ વડ્ર્સ નેટ ઝીરોના ઉપક્રમે શહેર તથા શહેરની બહાર પ ાલિકા હસ્તકના વિવિધ સ્થળો પર સોલાર ટ્રી લગાવવાના કામે ઈજારદાર સ/જ. ૈદ્ધટ્ઠસ્રૈહી ુ ્િાૈ ટ્વિદ્બૈ ેંદ્બૈંદ્ઘના ભાવ ઘટાડ્યા બાદ રૂ.૪,૬૭,૯૭,૨૭૪ના ખાતાના અંદાજીત ભાવ રૂ.૪,૯૮,૫૩,૨૮૧(જીએસટી સહિત) કરતાં ૬.૧૩% ઓછાના ભાવપત્રકને સ્થાયી સમિતિની મંજૂરી મેળવી આપવા દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.



વડોદરા ઈનીસીએટીવ ટુવડ્ર્સ નેટ ઝીરોના અભિયાન અંતર્ગત શહેરને 'દ્ગીં ઢીં' ઉત્સર્જન શહેર (ઝટ્ઠિહ ઙ્ઘીંટ્ઠિંજ્ઞ ઊૈંઅ) બનાવવા માટે પુનઃ પ્રાપ્ય ઊર્જા (ઇીહીુટ્ઠહ્વઙ્મી ઈહીખ્તિઅ)ને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સ્વર્ણિમ જયંતી

**સમગ્ર ગુજરાત રાજ્યમાં ખનીજ ચોરો સામે કડક કાર્યવાહી**

જોકે, સતત થતી કાર્યવાહીને કારણે હવે તંત્ર સામે નવી મુશ્કેલી ઊભી થઈ છે. જપ્ત કરેલા વાહનો અને ખનીજના જથ્થાના કારણે ઓફિસ પાસેના ગ્રાઉન્ડ ભરાઈ ગયા છે. વાહનોના થપ્પા લાગી જવાથી હવે નવા પકડાતા વાહનો ક્યાં મૂકવા તે પ્રશ્ન સતાવી રહ્યો છે. અધિકારીઓએ આગામી દિવસોમાં ઝડપાયેલો મુદ્દામાલ રાખવા માટે નવી જગ્યા ફાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં બેફામ ચાલતી ખનીજ ચોરીને ડામવા માટે ખાણ–ખનીજ વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ખનીજ ખનન, વહન અને સંગ્રહના સ્થળો પર કુલ ૧,૦૦૯ દરોડા પાડવામાં આવ્યા હતા. કામગીરી દરમિયાન કાર્બોસેલ, પથ્થર અને સિલિકા જેવી ખનીજ સંપત્તિની ચોરીમાં સંડોવાયેલા ટ્રેલર, જેસીબી, હિટાચી મશીન અને ટ્રેક્ટરો સહિત ૯૨૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.ખાણ–ખનીજ વિભાગે આ વર્ષે રેકોર્ડબ્રેક ૧૫.૪૦ કરોડ રૂપિયાના દંડની વસૂલાત કરી છે,

**પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં આયોજિત**

**રમતોત્સવ પૂર્ણ થયા બાદ લગભગ ૧૪ દિવસ પછી ૬ માર્ચે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું**

# સુરત પાલિકાની શિક્ષણ સમિતિના રમતોત્સતના ૧૪ દિવસ બાદ ઇનામ વિતરણનું આયોજન કરાતા ચર્ચાનો વિષય

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૯ ।

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં આયોજિત રમતોત્સવના વિજેતા વિદ્યાર્થીઓને સ્પર્ધા પૂર્ણ થયાના ૧૪ દિવસ બાદ ઇનામ વિતરણ કરવામાં આવનાર હોવાથી સમગ્ર મામલો શિક્ષણ વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. આવતી કાલે શુક્રવાર, ૬ માર્ચના રોજ પ ાલિકાના પંડિત દિનદયાળ ઉપ



ાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજાશે, જેમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને ઈનામ આપવામાં આવશે.

જોકે, આ કાર્યક્રમમાં શાળાના ૫૦ ટકા શિક્ષકોને ફરજિયાત હાજર રહેવા માટે સૂચના આપ વામાં આવતા શિક્ષણ સમિતિની અનેક શાળાઓમાં ફરી એક વખત શિક્ષકોની અછત સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.હવે રમતોત્સવ પૂર્ણ થયા બાદ લગભગ ૧૪ દિવસ પછી આવતીકાલે ૬ માર્ચે ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

**ધૂળેટીના પર્વે માતમ! ગુજરાતમાં ૨૦થી વધુના જીવ ગયા**

# અમદાવાદની સાબરમતી નદીમાં નાહવા પડેલા ૪ યુવકોના ડૂબી જતા મોત

**અમદાવાદ, અરવલ્લી, મહીસાગર, અમરેલી અને સુરતમાં બનેલી આ કરુણ દુર્ઘટનાઓમાં ૫ બાળકો સહિત કુલ ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ધૂળેટીના પવિત્ર તહેવાર પર ગુજરાતમાં પાંચ અલગ-અલગ ડૂબવાની ઘટનાઓએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. અમદાવાદ, અરવલ્લી, મહીસાગર, અમરેલી અને સુરતમાં બનેલી આ કરુણ દુર્ઘટનાઓમાં ૫ બાળકો સહિત કુલ ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેના કારણે હોળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે. રાજ્યમાં નદી, તળાવ અને કેનાલમાં ડૂબવાની ઘટનાઓ બની છે. ધૂળેટી રમીને યુવકો-બાળકો નાહવા પડ્યા હતા.ધૂળેટીના પર્વે અમદાવાદ શહેરમાં કરૂણ ઘટના બની



છે. અમદાવાદના કોતરપુરમાં સાબરમતી નદીમાં નાહવા પડેલા ચાર યુવકો ડૂબ્યા હતા. જેમાંથી ત્રણ યુવકોના પાણીમાં જ ડૂબી જતાં મોત થયા અને એક યુવકનું સારવાર દરમિયાન મોત થયું છે. આ ચારેય યુવકો કુબેરનગરના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ફાયર વિભાગ દ્વારા ચારેયના મૃ તદેહ બહાર કઢાયા છે અને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડાયા છે.અમદાવાદના માંડલના સીતાપુર ગામે ધૂળેટીની ઉજવણી બાદ ઝોલાસર તળાવમાં ૫ જેટલા બાળકો નાહવા પડ્યા હતા. આ દરમિયાન ત્રણ બાળકોના ડૂબી જતાં મોત થયા છે. જ્યારે અન્ય બે બાળકોને હેમખેમ બહાર કઢાયા હતા. ઘટનાની જાણ હાંસલપુર પોલીસ મથકને થતાં પોલીસ તાત્કાલિક દોડી જઈ કાર્યવાહી કરી હતી. ત્રણેય બાળકોના મૃતદેહ બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડાયા છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને પગલે સીતાપુર સહિત સમગ્ર પંથકમાં શોકની લહેર છવાઈ ગઈ છે. પરિવારોમાં અરેરાટી મચી જવા પામી છે ગામમાં શોકનું વાતાવરણ છવાયું છે.મહીસાગરના કોઠંબા નજીક આવેલા રાઘવના મુવાડા ગામે ધૂળેટી રમીને તળાવમાં નાહવા પડેલા ૪ યુવાનોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતા જ લુણાવાડાની રેસ્ક્યુ ટીમે ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ ચારેય યુવાનોના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

### ઈડરમાં પશુપાલકોમાં ચિંતાનો માહોલ

## સાબરકાંઠાના ઈડરમાં હડકાયા શ્વાને ભેંસને બચકું ભર્યું । દૂધ પીનારા ૨૦થી વધુ લોકો સિવિલ દોડ્યા

। પ્રતિનિધિ, સાબરકાંઠા, તા.૫ ।

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાલોડા ગામમાં એક ચોંકાવનારી અને આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. એક હડકાયા શ્વાને ભેંસને બચકું ભર્યા બાદ ભેંસનું મોત થતા ગામમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ઘટનામાં સૌથી વધુ ચિંતાની વાત એ છે કે, શ્વાન કરડ્યા બાદ જે ભેંસને હડકવા થયો હતો તેનું દૂધ પીનારા ૨૦થી વધુ લોકોએ તાત્કાલિક હોસ્પિટલ દોડી જવું પડ્યું છે.મળતી માહિતી મુજબ, સાત દિવસ પહેલા લાલોડા ગામમાં એક હડકાયા શ્વાને એક પશુપાલકની ભેંસને બચકું ભર્યું હતું. શ્વાનના કરડવાથી ભેંસમાં હડકવાના લક્ષણો દેખાવા લાગ્યા હતા અને અંતે આજે તે ભેંસનું કરુણ મોત નીપજ્યું હતું. ભેંસના મોત બાદ પશુપાલક અને તેમના પરિવારમાં ફાળ પડી હતી, કારણ કે હડકવાગ્રસ્ત ભેંસનું દૂધ પરિવાર અને આસપાસના લોકોએ વાપર્યું હતું.ભેંસનું મોત થતા જ દૂધ પીનારા લોકોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો. હડકવા લાગવાની બીકે લોકો તાત્કાલિક ઈડર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. તબીબોએ પણ સ્થિતિની ગંભીરતા જોઈને તાત્કાલિક રસીકરણ શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં ૨૦ થી વધુ લોકોએ હડકવા વિરોધી ઈન્જેક્શન લીધા છે. હડકાયા પશુનું દૂધ પીવાથી ચેપ લાગવાની ભીતિને કારણે લોકો ચિંતિત છે. સાવચેતીના ભાગરૂપે તમામ અસરગ્રસ્તોને રસીનો કોર્સ પૂરો કરવા સૂચના અપાઈ છે.સિવિલ હોસ્પિટલ ઈડરના ડૉક્ટર સંજયકુમાર ચૌહાણે કહ્યું કે, આજે ઈમરજન્સી વિભાગમાં લોલાડા ગામના ૨૦ લોકોને હડકવા વિરોધી રસી આપવામાં આવી છે. લોકોએ જણાવ્યું છે કે સાત દિવસ પહેલા ભેંસને કૂતરું કરડ્યું હતું, જે બાદ ભેંસને હડકવા ઊપડતાં તેનું મોત થયું હતું. જેનું દૂધ જે લોકોએ પીધું હતું તેમનામાં



ડરનો માહોલ ઊભો થયો હતો. તે ડર દૂર કરવા અને કોઈ શંકામાં આવે નહીં તે માટે ૨૦ લોકોએ હડકવા વિરોધી રસી લીધી છે. તેમણે અન્ય કોઈ બીજી સારવારની જરૂર નથી એટલે તેમને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. આ પ્રકારના દર્દીને ચાર ડોઝ લેવાના થતાં હોય છે.સામાન્ય રીતે કૂતરાના કરડવાથી માણસોમાં હડકવા ફેલાતો હોય છે, પરંતુ પશુ દ્વારા દૂધ વાટે સંક્રમણની આશંકાએ ગ્રામજનોમાં ભયનો માહોલ પેદા કર્યો છે. હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના લાલોડા ગામમાં એક ચોંકાવનારી અને આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. એક હડકાયા શ્વાને ભેંસને બચકું ભર્યા બાદ ભેંસનું મોત થતા ગામમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## શરમજનક! નસવાડીના કુકરદામાં આઝાદીના ૭૭ વર્ષ પછી પણ સગર્ભાને ઝોળીમાં ઉંચકી જવી પડી

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૫ ।

એક તરફ સરકાર કરોડો રૂપિયાના બજેટ અને છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાના મસમોટા દાવાઓ કરે છે, પરંતુ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કુકરદા ગામની તસવીરો આ દાવાઓની પોલ ખોલી રહી છે. અહીં આઝાદીના દાયકાઓ પછી પણ એક સગર્ભા મહિલાને હોસ્પિટલ પહોંચાડવા માટે પરિવારે રસ્તાના અભાવે જીવના જોખમે 'ઝોળી'નો સહારો લેવો પડ્યો હતો.કુકરદા ગામના ડુકતાં ફળિયાનો કાચો રસ્તો એટલો બિસ્માર અને પથરાળ છે કે આધુનિક સુવિધા ગણાતી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ અંદર આવી શકી નહોતી. સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા પરિવારે તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી હતી.

## વડોદરામાં જાંબુઆના ગાર્ડન અને સમા વિસ્તારમાં મેઇન રોડ પર મગરની લટારથી લોકોમાં ગભરાટ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

વડોદરામાં ગઈકાલે બે સ્થળે વધારે જાહેરમાં લટાર મારતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. આ પૈકી એક સ્થળે મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મકરપુરાના જમવા વિસ્તારમાં ગોકુલેશ રેસીડેન્સી પાસે ગાર્ડનમાં લોકો વોક કરતા હતા તે દરમિયાન એક મહાકાય મગર આવી જતા નાસભાગ મચી હતી. બનાવની જાણ જીવદયા કાર્યકર જયેશ પટેલને કરાતા તેમણે ટીમ સાથે પોણો કલાકની જહેમત બાદ મગરનું રેસ્ક્યુ કરી ફોરેસ્ટ વિભાગને સોંપ્યો હતો.આવી જ રીતે સમાના ઊર્મિ બ્રિજ ખાતે મેન રોડ પર રાત્રિના સમયે પાંચથી છ ફૂટનો એક મગર બિન્દાસ લટાર મારતો જોવા મળ્યો હતો. જેનો વિડીયો વાયરલ થયો હતો અને કેટલાક લોકો મગરની પાસેથી પસાર પણ જોવા મળ્યા હતા.વડોદરામાં ગઈકાલે બે સ્થળે વધારે જાહેરમાં લટાર મારતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. આ પૈકી એક સ્થળે મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

## અમદાવાદમાં 'સી' ટીમના ડ્રાઈવરનું કારસ્તાન, નશો કરીને પોલીસ જીપ ડિવાઈડર પર ચઢાવી દીધી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલની વાતો વચ્ચે ખુદ પોલીસ વિભાગની ગાડીમાં દારૂની મહેફિલ જામી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદના નિકોલ વિસ્તારમાં ગત મોડી રાત્રે સી ટીમ'ની એક સરકારી વાન ડિવાઈડર પર ચઢી ગઈ હતી. જ્યારે લોકોએ વાન પાસે જઈને જોયું તો અંદરના દ્રશ્યો જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા.નિકોલના ભવાની ચોક પાસે ગઈકાલે મોડી રાત્રે આ ઘટના બની હતી. પૂરપાટ ઝડપે આવી રહેલી સી ટીમની પોલીસ વાનના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને વાન સીધી રોડના ડિવાઈડર પર ચઢાવી દીધી હતી.

અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.સ્થાનિકો જ્યારે વાન પાસે પહોંચ્યા ત્યારે તેમણે જોયું કે, વાનચાલક એટલી હદે નશામાં હતો કે તે ભાનમાં પણ નહોતો. ચોંકાવનારી વાત તો એ છે કે, જે વાન મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે, તેની અંદરથી દારૂની બોટલ અને દારૂ ભરેલો ગ્લાસ મળી આવ્યો હતો. પોલીસની જ ગાડીમાં દારૂની બોટલો જોઈને હાજર રહેલા લોકો ભારે રોષે ભરાયા હતા અને હોબાળો મચાવ્યો હતો.ઘટનાની જાણ થતા જ નિકોલ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે સ્થિતિ થાળે પાડી નશામાં ધૂત ચાલકની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ વાન નિકોલ પોલીસ સ્ટેશનની સી ટીમની છે, પરંતુ તેનો ચાલક પોલીસકર્મીને બદલે આઉટ સોર્સિંગ (કોન્ટ્રાક્ટ) દ્વારા લેવામાં આવેલો ડ્રાઈવર છે.

### ગુજરાત સહિત સમગ્ર દેશમાં ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી

## યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઇ સહારો બનીને ઊભો રહે એ જ સાચી માનવીય સેવા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે — એ જ સાચી માનવીય સેવા છોદેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી જી ને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી. સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકો માં એમ ડી શ્રી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમ ત્રૈંહ્લઝ્ર સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ



દીકરી ના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી. આજે એ દીકરી સુરક્ષિત છે — અને એક પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે. આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણી નુ ''પરિવાર ભાવ''નું જીવંત ઉદાહરણ છોહૃદયપૂર્વક આભાર ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી, એમ ડી કે જે પટેલ તેમજ JIFCO ના CFO દીપક યાદવ અને તેમની ટીમનો. આપે સાબિત કર્યું કે સાચું નેતૃત્વ એ જ છે, જે સંકટના સમયમાં સાથે ઊભું રહેોતાજેતરના જીફકો પ્રવાસ ની તસ્વીર માં ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી, એમ ડી. કે જે પટેલ, જીફકો ના દીપક યાદવ દ્રશ્યમાન થાય છે. યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે — એ જ સાચી માનવીય સેવા છોદેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકો ના અધ્યક્ષ દિલીપ સંઘાણી જી ને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી. સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકો માં એમ ડી શ્રી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમ JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરી ના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી.

## સુરક્ષિત અમદાવાદની પોલ ખોલતાં દ્રશ્યો, સરાજાહેર મહિલા-પુરુષ પર લાકડી લઈને તૂટી પડ્યા ચાર શખ્સો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના નોબલનગર ટર્નિંગ પાસે ગઈકાલે ૩ માર્ચે રાત્રે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતી એક ભયાનક ઘટના સામે આવી છે. અંગત અદાવતમાં પોલીસ સ્ટેશન જઈ રહેલા એક યુવકને રસ્તામાં જ આંતરીને ચાર અજાણ્યા શખ્સોએ લાકડીઓ વડે બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું. મહિલાઓ બૂમો પાડતી વચ્ચે બચાવવા પડી હતી, તેમ છતાં હુમલાખોરોએ નિર્દયતાથી યુવકને એક બાદ એક લાડકીના ફટકા માર્યા હતા.આ હુમલા દરમિયાન યુવકને બચાવવા વચ્ચે પડેલી મહિલાઓ પર પણ હુમલાખોરોએ સહેજ પણ દયા દાખવી નહોતી. નિર્દયી ગુંડાઓએ મહિલા પર લાકડીઓનો એવો વરસાદ વરસાવ્યો કે તેના હાથ સૂજી ગયા હતા અને તે લોહીલુહાણ થઈ ગઈ હતી. જાહેર માર્ગ પર બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ ઘટનાની જાણ થતા જ સરદારનગર અને એરપોર્ટ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો, પરંતુ ગંભીર ઈજાગ્રસ્ત પીડિતોને મદદ કરવાને બદલે બંને પોલીસ મથકો વચ્ચે 'હદ વિવાદ' સર્જાયો હતો. એકતરફ પીડિત પરિવાર ન્યાય માટે આક્રંદ કરી રહ્યો હતો અને બીજી તરફ પોલીસ હદ નક્કી કરવામાં સમય વેડફી રહી હતી.

## અમદાવાદમાં એકલા રહેતા વૃદ્ધાની હત્યા, લૂંટારુઓએ મૃતદેહ પાસે બેસી એક કલાક લૂંટ ચલાવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં આવેલી છારાનગર ફ્રી કોલોનીમાં મોડી રાત્રે તસ્કરોએ લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસી એક વૃદ્ધાની હત્યા કરી નાખી છે. આ ઘટનામાં તસ્કરોની ક્રૂરતા એટલી હતી કે, હત્યા કર્યા બાદ પણ તેઓએ લગભગ એક કલાક સુધી ઘરમાં રહીને સોના-ચાંદીના દાગીના અને રોકડની લૂંટ ચલાવી હતી.છારાનગર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય ભારતીબેન બજરંગી લાંબા સમયથી પોતાના ઘરમાં એકલા રહેતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે ત્રણ જેટલા અજાણ્યા શખ્સો લૂંટના ઈરાદે તેમના ઘરમાં પ્રવેશ્યા હતા. તસ્કરોએ સૌ પ્રથમ વૃદ્ધાના પગ બાંધી દીધા હતા અને ત્યારબાદ તેમનું મોઢું દબાવીને અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી હતી. વૃદ્ધાના મોઢાના ભાગે ગંભીર ઈજાના નિશાન મળી આવ્યા છે, જે દર્શાવે છે કે લૂંટારુઓએ તેમને પ્રતિકાર કરવાની તક પણ આપી નહોતી.પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે, હત્યા કર્યા પછી પણ તસ્કરોમાં કોઈ પણ પ્રકારનો ડર નહોતો. તેઓએ મૃતદેહ પાસે જ રહીને આખું ઘર ફંફોસ્યું હતું. ઘરની તિજોરી તોડીને અંદર રહેલા સોનાના દાગીના અને રોકડ રકમની લૂંટ કરી હતી.




જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિ

# માનવ જીવનનું કલ્યાણ - રાષ્ટ્રની આત્મનિર્ભરતા 'પ્રાકૃતિક ખેતી'માં જ સમાયેલી છે : રાજ્યપાલ

## રાજ્યપાલએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહવાન કર્યુ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે નિર્મિત નવ મંદિરો પૈકીના પાંચમા એવા ઐતિહાસિક જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.





સ્વામિનારાયણ મંદિર, જેતલપુરના ૨૦૦માં મહોત્સવ (દ્વિશતાબ્દી) પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આધ્યાત્મિકતા અને સામાજિક જવાબદારીના સંગમ પર ભાર મૂકતા એક પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માનવ જીવન એ ઈશ્વર દ્વારા આપવામાં આવેલી સર્વોત્તમ ભેટ છે અને તેનો અંતિમ ઉદ્દેશ્ય મોક્ષની પ્રાપ્તિ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો શરીર સ્વસ્થ હશે તો જ મનુષ્ય ભક્તિ, સેવા કે રાષ્ટ્ર નિર્માણના કાર્યો કરી શકશે. તેમણે સમજાવ્યું હતું કે, સ્વસ્થ શરીર જ તમામ ધર્મ અને પુરુષાર્થ સિદ્ધ કરવાનું મુખ્ય સાધન છે. તેમણે સંસારને એક સીડી સાથે સરખાવતા કહ્યું કે, જેમ સીડીનો ઉપયોગ આગળ વધવા માટે થાય છે તેમ સંસારનો ઉપયોગ સાધન તરીકે કરીને આધ્યાત્મિક લક્ષ્ય સુધી પહોંચવું જોઈએ, તેમાં આસક્ત થવું જોઈએ નહીં.

રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીથી થતા ગંભીર નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષોમાં કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓ વધવાનું મુખ્ય કારણ ખેતીમાં વપરાતું યુરિયા અને ડીએપી જેવું ઝેર છે. આ રસાયણોએ માત્ર જમીન જ નહીં, પણ ભૂગર્ભ જળ અને પશુઓના દૂધ સહિત માતાના દૂધને પણ પ્રદૂષિત કર્યું છે. વૈજ્ઞાનિક રિપોર્ટનો ઉલ્લેખ કરી ચેતવણી આપી હતી કે જો આપણે આજે નહીં સુધરીએ, તો આવનારી પેઢીને આપણે બંજર જમીન વારસામાં આપીશું.

રાજ્યપાલશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોને 'પ્રાકૃતિક ખેતી'ના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું. તેમણે સમજાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનમાં અળસિયા પુનઃજીવિત થાય છે, જે જમીનને છિદ્રાળુ બનાવી વરસાદી પાણીને જમીનમાં ઉતારે છે. જો ભારતને સાચા અર્થમાં આત્મનિર્ભર અને સ્વસ્થ બનાવવો હોય, તો આપણે આ 'ઝેરમુક્ત' ખેતી અપનાવવી જ પડશે. સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા થતા પર્યાવરણ અને જળ સંચયના કાર્યોની પણ તેમણે પ્રશંસા કરી હતી.

કાર્યક્રમ દરમિયાન લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના રાજ્યપાલશ્રીના પ્રયાસો સંપ્રદાયના મૂલ્યો સાથે સુસંગત છે. 'શિક્ષાપત્રી'ના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે કાલુપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા અમદાવાદમાં ૫ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

આ પ્રસંગે ધર્મધુરંધર આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વ્યાસપીઠ વક્તા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, સંતો મહંતો તેમજ મોટી સંખ્યમાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વહસ્તે નિર્મિત નવ મંદિરો પૈકીના પાંચમા એવા ઐતિહાસિક જેતલપુરધામ ખાતે ભવ્ય 'દ્વિશતાબ્દી મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

શહેરમાં આગની એક મોટી ઘટના બની

# અમદાવાદમાં રાત્રે કાલુપુર બ્રિજ પાસે સેવના કારખાનામાં વિકરાળ આગ લાગતા દોડધામ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના કાલુપુર બ્રિજ પાસે વહેલી સવારે આગની એક મોટી ઘટના બની છે. શહેર કોટડા પોલીસ સ્ટેશનની બિલકુલ સામે આવેલા સેવ બનાવવાના એક કારખાનામાં ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.અમદાવાદના કાલુપુર બ્રિજના છેડે અને શહેર કોટડા પોલીસ સ્ટેશનની સામે આવેલા સેવ બનાવવાના કારખાનામાં આજે વહેલી સવારે ૨:૨૩ કલાકે 'અંગાર કોલ' (આગનો મેસેજ) મળ્યો હતો. કારખાનામાં રહેલા જ્વલનશીલ પદાર્થો અને તેલના કારણે આગએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.આગની ગંભીરતાને જોતા શહેરના અલગ-અલગ ફાયર સ્ટેશનો ૫ રથી તાત્કાલિક મદદ બોલાવવામાં આવી હતી. જેમાં નીચે મુજબના વાહનો અને અધિકારીઓની મદદ લેવામાં આવી હતી. ફાયર ફાઈટરો દ્વારા ચારેબાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ કારખાનામાં રહેલો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હોવાની આશંકા છે. આગ લાગવાનું પ્રાથમિક કારણ હજુ સુધી જાણી શકાયું નથી.અમદાવાદના કાલુપુર બ્રિજ પાસે વહેલી સવારે આગની એક મોટી ઘટના બની છે.

## જામનગરમાં યુવાન પર સામાન્ય બોલાચાલીમાં તલવાર અને લોખંડના પાઇપ વડે હુમલો : ૫ સામે પોલીસ ફરિયાદ

। પ્રતિનિધિ, જામનગર, તા.૫ ।

જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતો મોહસીન રહીમભાઈ ઠેબા નામનો ૩૨ વર્ષનો યુવાન ગઈકાલે માટેલ ચોકમાં એક પાનની દુકાને પાન ખાવા માટે ઊભો હતો, જે દરમિયાન ઈન્દ્રજીતસિંહ જયેન્દ્રસિંહ તેમજ મિતરાજસિંહ જયેન્દ્રસિંહ નામના બે શખ્સો તલવાર સાથે ધસી આવ્યા હતા, અને તું અમારી વાતો શું કામ કરે છે, તારે આ વિસ્તારમાં રહેવું નથી લાગતું. તેમ કહી તકરાર કરી હતી, અને બંને યુવાનોએ પોતાના હાથમાં રહેલી બે તલવારો વડે હુમલો કરી દીધો હતો. ત્યારબાદ તેઓના સાથે જયેન્દ્રસિંહ ઉર્ફે જ્યૂભા, રાજ અને વીરુ વગેરે લોખંડના પાઈપ ધોકા લઈને ધસી આવ્યા હતા, અને તેઓએ પણ હુમલો કરી દેતાં ફેક્ચર સહિતની ઈજા થવાથી જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે, અને હાલ દાખલ છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત મોસીન રહીમભાઈ ઠેબાએ પોતાના ઉપર તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કરવા અંગે ઉપરોક્ત પાંચેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતાં સીટી બી. ડિવિઝનના પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

## મહીસાગર નદીમાં ઝેરી દવા નાખી ઝીંગા-માછલી મારવાનો આક્ષેપ : કિનારે મોટી સંખ્યામાં મૃત માછલી-ઝીંગા મળતા ચકચાર

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

વડોદરા જિલ્લામાં વહેતી પવિત્ર મહીસાગર નદીમાં કેટલાક અજાણ્યા લોકો દ્વારા ઝેરી પ્રવાહી/દવા નાખીને જળચર પ્રાણીઓને મારી તેમનો વ્યાપાર કરવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો થયા છે. નદી કિનારે મોટી સંખ્યામાં માછલી-ઝીંગા મૃત હાલતમાં જોવા મળ્યા છે. સામાજિક કાર્યકરના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે કેટલાક લોકો નદીમાં ઝેરી દવા નાખીને ઝીંગા અને માછલીઓ મારતા હોવાનો સંદેહ છે. દાવા મુજબ રાત્રે લગભગ ૯ થી ૧૦ વાગ્યાના સમય દરમિયાન ઝેરી દવા નદીમાં નાખવામાં આવે છે અને ત્યારબાદ રાત્રે ૧૨ થી ૨ વાગ્યાની વચ્ચે તે લોકો નદીમાંથી મૃત અથવા બેભાન થયેલા ઝીંગા અને માછલીઓ એકત્ર કરી લઈ જાય છે. આ જ ઝીંગા-માછલીઓ બાદમાં બજારમાં વેચવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કેટલાક લોકો આ મૃત ઝીંગા-માછલીઓ એકત્ર કરીને ખોરાક તરીકે ઉપયોગ કરતા હોવાની માહિતી પણ સામે આવી છે, જે આરોગ્ય માટે જોખમી બની શકે છે.મહત્વની બાબત એ છે કે, મહીસાગર નદીનું પાણી વડોદરા અને આણંદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણી તરીકે પણ પહોંચે છે. આવી સ્થિતિમાં નદીમાં ઝેરી દવા નાખવામાં આવે તો તે પાણી પીવાથી નાગરિકોના આરોગ્ય પર ગંભીર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.સામાજિક કાર્યકરોનો દાવો છે કે, છેલ્લા એક મહિનામાં ત્રણથી ચાર વખત આવી ઘટનાઓ બની હોવાની માહિતી મળી રહી છે. તેઓએ વડોદરા અને આણંદના જિલ્લા કલેક્ટરને આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની તેમજ નદીના પાણીના સેમ્પલ લઈને પરીક્ષણ કરાવવાની માગ કરી છે.અનગઢ ગામના સરપંચ ધર્મેન્દ્રસિંહ ગોહિલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગ કરી છે.






## તંત્રી લેખ...

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ ેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## નાસાએ સૌર જ્વાળાની તસવીર અને વિડિઓ શેર કરી


**યુએસ સ્પેસ એજન્સી નાસાએ સોશિયલ મીડિયા પર સૂર્યની સપાટી પરથી નીકળતી સૌર જ્વાળાઓના સુંદર ફોટાઅને વિડિઓ શેર કર્યા છે નાસાએ રવિવારની તે ક્ષણને કેપ્ચર કરી જ્યારે સૂર્યએ અવકાશમાં ઊર્જાનો શક્તિશાળી વિસ્ફોટ કર્યો**

# સૂર્યની સપાટી પરથી નીકળતી સૌર જ્વાળાઓના અદ્દ્ભૂત દશ્યો કેવા હોય છે?

**સૂર્યની સપાટી પરના રેડિયેશનના શક્તિશાળી વિસ્ફોટો દ્વારા બનાવવામાં આવેલ આ સૌર જ્વાળાઓ, અસ્થાયીરૂપે સંદેશાવ્યવહાર અને સંશોધક અવરોધનું કારણ બની શકે છે**

સામાન્ય રીતે સૂર્ય તરફ નજર કરવાની કે નજીકથી સૂર્યના ફોટા પાડવા કે સૂર્ય નો વિડીયો ઉતારવો કે સૂર્યની જ્વાળાઓના દ્રશ્યને કંડારવા એ બહુ જ મુશ્કેલઅને કઠિન કામ હોય છે.પણ આ કાર્ય નાસાએ શક્ય બનાવ્યુ છે. તાજેતરમાં નાસા ની ઓબ્ઝર્વેટીએ સૂર્યજ્વાળાઓને કેમેરામાં અને વીડિયોમાં કંડાર્યા છે અને નાસા એ આ તસ્વીર સોશિયલ મીડિયામાં શેર કરતા આ વિડીયો જોઈને લોકો દંગ રહી ગયા છે.

યુએસ સ્પેસ એજન્સી નાસાએ સોશિયલ મીડિયા પર સૂર્યની સપાટી પરથી નીકળતી સૌર જ્વાળાઓના સુંદર ફોટાઅને વિડિઓ શેર કર્યા છે. નાસાએ રવિવારની તે ક્ષણને કેપ્ચર કરી જ્યારે સૂર્યએ અવકાશમાં ઊર્જાનો શક્તિશાળી વિસ્ફોટ કર્યો. આ અંગેની વિશેષ માહિતી આપતા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશને જણાવ્યુંછે કે ૨ ઓક્ટોબરના રોજ સૂર્યમાંથી એક મજબૂત સૌર જ્વાળાનીકળી હતી. નાસાની સોલર ડાયનેમિક ઓબ્ઝર્વેટરીની તેના પર બાજ નજર હતી. અને આ ઘટનાની તસવીર લેવામાં સફળ રહી. નાસાએ



પોસ્ટમાં લખ્યુંછે કે , 'અવકાશમાં ઘણી ઘટનાઓ સતત બની રહી છે.પણ સોલાર ડાયનેમિક્સઓબ્ઝર્વેટરી સૌર જ્વાળાઓને પકડવામાં સફળ રહી છે.

### સૌર જ્વાળાઓ શું છે

સૌર જ્વાળાઓ એ સૂર્યની સપાટી પરથી નીકળતી ચુંબકીય ઊર્જાના કિરણોત્સર્ગ છે. આ જ્વાળામુખી અને સૌર વિસ્ફોટમાંરેડિયો સંચાર, વિધુત પાવર ગ્રીડ, જીપીએસને અસર થવાની સંભાવના છે. તે અવકાશયાન અને અવકાશયાત્રીઓ માટે પણ જોખમ ઊભું કરી શકે છે. સૌર જ્વાળાઓ સૂર્યની સપાટી પર દેખાતા તેજસ્વી વિસ્તારો છે. તે થોડી મિનિટોથી કલાકો સુધી જોઈ શકાય છે.

નાસાએ જે સૂર્યનો આશ્ચર્યજનક વીડિયો બહાર પાડ્યો છેતે ૧૫ કલાકમાં ૩ કરોડ લોકોએ જોયોછે લોકો એવા પણ સવાલ પૂછ્યા કે શું એ સાચો છે?

યુએસ સ્પેસ એજન્સી નાસાએ સૂર્યની સપાટી પરની ઘટનાઓનો આશ્ચર્યજનક દ્દશ્ય બહાર પાડ્યો છે. નાસાની આ વિડિઓમાં સૂર્યની સપાટી પર કોરોનલ માસ ઈજેક્શન (સીએમઈ) બતાવવામાં આવ્યો છે.તમને જાણીને નવાઈ લાગશે કે સોલર પ્લાઝ્માની આ વિશાળ તરંગો અબજો કણોને અવકાશમાં આશરે એક મિલિયન માઈલ અથવા ૧૬૦૦,૦૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે શૂટ કરે છે.

જોકે નાસાએએમ પણ કહ્યું છે કે સીએમઈ પૃથ્વી માટે કેવી રીતે જોખમી છે. સૂર્યની સપાટી પરના રેડિયેશનના શક્તિશાળી વિસ્ફોટો દ્વારા બનાવવામાં આવેલ આ સૌર જ્વાળાઓ, અસ્થાયીરૂપે સંદેશાવ્યવહાર અને સંશોધક અવરોધનું કારણ બની શકે છે. આ પાવર લાઈનોની સફર કરી શકે છે અને કામ કરવાનું બંધ કરી શકે છે. જેના કારણે સમગ્ર વિશ્વના ઘણા ભાગોમાં વીજળીનો પ્રવાહ અટકશે. નાસાએ આગળ કહ્યું કે, રાહતની વાત છે કે સોલર વેધશાળાઓનું આપણું નેટવર્ક અવકાશના હવામાનના આ રસપ્રદ ઘટકોને ટ્રેક કરવામાં મદદ કરે છે. આ કારણોસર, પૃથ્વી પર દખલ ખૂબ ઓછી છે. સૂર્યની સપાટી પરથી પેદા થતા સૌર વાવાઝોડા પણ ઓછા ખતરનાક નથી. સૌર વાવાઝોડાને કારણે પૃથ્વીનું બાહ્ય વાતાવરણ ગરમ થઈ શકે છે, જેની સીધી અસર ઉપગ્રહો પર પડી શકે છે. આનાથી જીપીએસ નેવિગેશન, મોબાઈલ ફોન સિગ્નલ અને સેટેલાઈટ ટીવીમાં દખલ થઈ શકે છે. પાવર લાઈનમાં વર્તમાન વધુ હોઈ શકે છે, જે ટ્રાન્સફોર્મર્સ પણ ફૂંકી શકે છે. જો કે, ભાગ્યે જ આવું થાય છે કારણ કે પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર તેની સામે રક્ષણાત્મક તરીકે કાર્ય કરે છે.

સૌર જ્વાળાઓ અવકાશયાત્રીઓ માટે ખાસ કરીને જોખમી હોય છે જો તે તે સમયે ખુલ્લી જગ્યામાં હોય. પ્રોટોન કણોના શક્તિશાળી પ્રવાહના પ્રભાવ હેઠળ, કિરણોત્સર્ગી સંપર્કમાં આવવાનું સ્તર ઘણી વખત વધે છે. તેની હાનિકારક અસરોથી ગ્રહના રહેવાસીઓ વાતાવરણ દ્વારા સુરક્ષિત છે. અવકાશયાત્રીઓ આવા રક્ષણથી વંચિત છે અને મજબૂત કિરણોત્સર્ગના સંપર્કમાં આવી શકે છે. રેડિયેશનનો સમાન ચાર્જ, પરંતુ થોડી હદ સુધી, જેટ વિમાનમાં મુસાફરો દ્વારા પણ પ્રાપ્ત થાય છે.



## ઓફિસમાં લાંબા સમય સુધી બેસતા લોકોને આવરીને અભ્યાસ...

**લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે આ અભ્યાસના તારણ ઇંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે**

# લાંબા સમય બેસવાથી મેમરી લોસ

**લાંબા સમય સુધી બેસતા લોકોના દિમાગના આરોગ્યને નુકસાન થાય છે : સતત બેસી રહેવાની બાબત સ્મોકિંગ જેમ જ ખુબ ખતરનાક છે**

જો તમે ઓફિસ પર સિટિંગ જોબ કરી રહ્યા છો તો તમને થોડીક સાવધાની રાખવાની જરૂર છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં કેટલાક નુકસાન રહેલા છે. આના કારણે મેમરી નોસ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની નોકરીના કારણે દિમાગમાં લોહીના સંચારને ધીમે કરી દેવામાં ભૂમિકા અદા કરે છે. તેના પરિણામ ખુબ ઘાતક હોઈ શકે છે. હાલમાં ઓફિસમાં કલાકો સુધી એક જગ્યા બેસીને કામ કરનાર લોકોને આવરી લઈને અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. જે ઘાતક છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે લાંબા સમય સુધી બેઠા રહેવાની બાબત દિમાગના આરોગ્ય માટે નુકસાનકારક છે. પરંતુ જો વચ્ચેના ગાળામાં અડધા કલાક ઉભા થઈને બે મિનિટ માટે ફરી તો તેના કારણે ફાયદો થાય છે. જેના કારણે દિમાગમાં લોહીના સંચારમાં વધારો થાય છે.

દિમાગમાં લોહી સંચાર થવાની બાબત સામાન્ય પ્રક્રિયા તરીકે છે. જે લાઈફ માટે ખુબ જ જરૂરી છે. તેના કારણે જ બ્રેઈન ઓળખવાનુ કામ કરે છે. દિમાગની કોશિકાને પણ લોહી અને ઓક્સીજન તેમજ પોષક તત્વોની જરૂર હોય છે. જે લોહીના કારણે તેને મળે છે.



આ ઉપરાંત દિમાગમાં કેટલીક અન્ય રક્ત વાહીનિ પણ હોય છે. જે માથાને લોહી પહોંચાડી દેવાનુ કામ કરે છે. પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહીને કામ કરવાની સ્થિતીમાં નુકસાન થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં આ પ્રક્રિયાને અસર થાય છે. આના પહેલા માનવી અને પ્રાણીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દિમાગમાં જો લોહીના સંચારમાં થોડીક પણ અડચણો આવે તો વિચારવાની ક્ષમતા પર સીધી અસર થાય છે. મેમરી પર પ્રભાવ થાય છે. જ્યારે લાંબા સમય સુધી અટકી જવાની સ્થિતીમાં દિમાગ સંબંધિત બિમારીને જન્મ આપવાનો ખતરો વધી જાય ચે. તેમાં ડિમેન્શિયા અને મેમરી લોસનો ખતરો રહે છે.

લાંબા સમય સુધી બેઠા રહેવાને લઈને કેટલાક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સતત બેઠા રહેવાની સ્થિતીમાં શરીરના તમામ હિસ્સામાં લોહીના સંચારમાં અસર થાય છે. આમાં સૌથી વધારે અસર પગમાં થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે. આ અભ્યાસના તારણ ઈંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ રહેલા લોકોએ એક સ્થાન પર બેસીને નોકરી કરનાર લોકોને આવરી લઈને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી હતી. આ તમામ લોકો દ્વારા એક જગ્યાએ બેસીને સતત ચાર કલાકથી વધારે સમય સુધી કામ કર્યુ હતુ. આ લોકો પોતાની સીટ પર માત્ર બાથરૂમ જવા માટે જ ઉઠતા હતા. શોધ કરનાર નિષ્ણાંતોએ તેમના બ્રેક અને ત્યારબાદ બ્લડ સંચારને લઈને ગણતરી કરી હતી. પરિણામ એવા જ આવ્યા હતા જેવી ગણતરી કરવામાં આવી હતી. અને આશા રાખવામાં આવી હતી. ચાર કલાક સુધી સતત બેસીને કામ કરનારમાં લોહી સંચારની ગતિ ધીમી નજરે પડી હતી. પરંતુ વચ્ચેના ગાળામાં બે મિનિટ વોક કરવામાં આવ્યુ ત્યારે બ્લડ ફ્લોમાં વધારો પણ થયો છે. આ અભ્યાસનુ નેતૃત્વ કરનાર સોફી કાર્ટરે કહ્યુ છે કે ઓફિસમાં કામ કરનાર લોકોને વચ્ચેના ગાળામાં થોડાક સમય માટે ફરવાની તક લેવી જોઈએ. તેમને કહેવામાં આવ્યુ છે કે તમે જે કામ કરી રહ્યા છો તે હાલમાં એક ચક્કર લગાવી દેવામાં આવે તે જરૂરી છે. કેટલીક સીઢીઓ ઉતરવી જોઈએ. આના કારણે દિમાગને રાહત થશે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ બાદ તમામ લોકો સાવધાન થઈ ગયા છે. કેટલાક નિષ્ણાંતો કહે છે કે સ્મોકિંગની જેમ જ તે પણ સતત બેસવાના કારણે નુકસાન પહોંચાડે છે.

## રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ પહેલાં જ એનપીએસને પોતાને ત્યાં બંધ કરીને ૧૯૭૨ની પેન્શન યોજનાને બહાલ કરવાની જાહેરાત કરી ચૂક્યા છે

# ચૂંટણીની દૃષ્ટિએ જો રાજ્ય જૂની પેન્શન યોજના પર પાછા ફરે તો પરિણામ ખતરનાક હોઇ શકે છે

### જૂની પેન્શન યોજનાનો બોજ કરદાતાઓની સાથે અન્યાય તો છે જ, સાથે જ તેનાથી લોકધનના સમાવેશી વિતરણ પર પણ સવાલ ઊઠે છે

આ સમયે દેશમાં સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શનનો મુદ્દો ખૂબ ચગેલો છે. ગળા સુધી દેવામાં ડૂબેલા પંજાબે પોતાના ૧.૬૦ લાખ કર્મચારીઓ માટે રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી એટલે કે એનપીએસને બદલે જૂની પેન્શન યોજના બહાલીનો નિર્ણય કર્યો છે. રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ પહેલાં જ એનપીએસને પોતાને ત્યાં બંધ કરીને ૧૯૭૨ની પેન્શન યોજનાને બહાલ કરવાની જાહેરાત કરી ચૂક્યા છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ નાણાં વિભાગને આ મામલે પરીક્ષણ કરવાનું કહ્યું છે. ગુજરાતમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના વાયદામાં તેને દોહરાવી રહી છે. સ્પષ્ટ છે કે જૂની પેન્શન યોજનાનો મુદ્દો એક ચૂંટણી ગતકડું બની ગયું છે અને તેની બહાલીમાં રાજકીય પક્ષો સત્તાની ચાવી જોઈ રહ્યા છે. તેઓ એ જાણવા છતાં એવું કરી રહ્યા છે કે જૂની પેન્શન સ્કીમ આપવી આર્થિક રૂપે એક જોખમપૂર્ણ નીતિ છે. આ પણ એક પ્રકારની 'રેવડી' જ છે, જેને સામાજિક ન્યાય કે સુરક્ષા સાથે કોઈ તાર્કિક સંબંધ નથી.

૨૦૦૪માં વાજપેયી સરકારે ૧૯૭૨ની પેન્શન જોગવાઈઓને બદલે ભાગીદારી કેન્દ્રિત એનપીએસ યોજનાને આકાર આપ્યો હતો, ત્યારબાદ યુપીએ સરકારે પણ તેને સશક્ત બનાવી. બંગાળને છોડીને બાકીના તમામ રાજ્યોએ તેને લાગુ કરી અને આજે પણ તમામ રાજ્યો અને કેન્દ્રના કર્મીઓ માટે તે લાગુ છે. જૂની પેન્શન યોજના અસલમાં પાછલી સદીના આઠમા દાયકાની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની માંગ પર નિર્ભર હતી. તે નિવૃત્તિ વખતે છેલ્લા પગાર પર ૫૦ ટકા રકમને પેન્શન રૂપે નિર્ધારિત કરતી હતી. આ એ દોર હતો, જ્યારે પગાર ધોરણ આજના જેવું ઊંચું ન હતું. સરેરાશ ઉંમર પણ ઓછી હતી. તેમાં કર્મચારીઓને સીધું કશું જ નહોતું આપવાનું, જ્યારે એનપીએસમાં તેમણે ૧૦ ટકાનું અંશદાન આપવાનું હોય છે. સરકાર પણ ૧૪ ટકા જમા કરીને પેન્શન ફંડમાં પોતાનું યોગદાન આપે છે. આ એનપીએસને બદલે કર્મચારીઓ દ્વારા જૂની પેન્શન યોજના બહાલ કરવા માટે સંગઠિત રૂપે દેશભરમાં દબાણ બનાવવામાં આવે છે. સરકારમાં બેઠેલા અને સત્તામાં આવવા મથતા રાજકીય પક્ષોને લાગે છે કે કર્મચારીઓની જથ્થાબંધ વોટબેંકથી તેમની કિસ્મત ખૂલી શકે છે, તેથી તેઓ આ યોજનાનાં દુષ્પરિણામો જાણવા છતાં આગળ વધી રહ્યા છે. કારણ કે દરેક રાજકીય પક્ષને લાગે છે કે તેની જાહેરાતથી તેના રાજ્યમાં તાત્કાલિક



આર્થિક સંકટ પેદા નથી થવાનું, તેને થતાં ૧૦થી ૧૫ વર્ષ લાગશે.

વસ્તુતઃ જૂની પેન્શન યોજના એ સમાજવાદી માનસિકતાની ઉપજ હતી, જેણે રાજ્યની અવધારણામાં નાગરિકોને રાજ્ય પર આશ્રિત બનાવીને રાખવા માંગ્યા. આજે ભારત સમાજવાદથી આગળ વૈશ્વિક આર્થિક શક્તિ રૂપે પોતાનું સ્થાન બનાવી રહ્યું છે. ૧૯૯૧ બાદ જે આર્થિક નીતિઓ પર દેશ આગળ વધ્યો છે, ત્યાં જૂની પેન્શન યોજના જેવા પ્રકલ્પ સ્વીકાર્ય નથી. એવામાં જૂની પેન્શન યોજનાનો બોજ કરદાતાઓની સાથે અન્યાય તો છે જ, સાથે જ તેનાથી લોકધનના સમાવેશી વિતરણ પર પણ સવાલ ઊઠે છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર રાજ્યોના પોતાના રાજસ્વમાં પેન્શન ખર્ચનો હિસ્સો ઝડપથી વધી રહ્યો છે. તે ૧૯૯૦ સુધી ૮.૭ ટકા હતો અને ૨૦૨૦-૨૧ સુધી વધીને લગભગ ૨૬ ટકા પર આવી ચૂક્યો હતો. ચૂંટણીની દષ્ટિએ જો રાજ્ય જૂની પેન્શન યોજના પર પાછા ફરે તો પરિણામ ખતરનાક હોઈ શકે છે. તે રાજ્યોની ખસ્તાહાલ આર્થિક સ્થિતિને વધુ જર્જરિત બનાવી શકે છે.

એસબીઆઈ રિસર્ચના આંકડાને જોઈએ તો મોટાભાગનાં રાજ્યો પોતાના કુલ રાજસ્વ સંગ્રહનો મોટાભાગનો હિસ્સો પોતાના કર્મીઓના વેતન-ભથ્થાં અને પેન્શન પર ખર્ચ કરી રહ્યાં છે. બિહાર કુલ આવકના ૫૮.૯ ટકા, ઉત્તરાખંડ ૫૮.૩ ટકા, ઝારખંડ ૩૧.૫ ટકા અને બંગાળ ૩૨.૮ ટકા હિસ્સો સરકારી કર્મીઓ પર ખર્ચ કરી રહ્યા છે. જે રાજસ્થાને એનપીએસને ખતમ કરવાનો નિર્ણય કર્યો છે, ત્યાં હાલત એ છે કે કુલ આવકના ૫૮ હજાર કરોડ રૂપિયામાંથી ૪૮ હજાર કરોડ રૂપિયા વેતન-ભથ્થાં અને ૧૯ હજાર કરોડ રૂપિયા પેન્શન પર ખર્ચ કરવા પડી રહ્યા છે. પંજાબમાં પાછલાં પાંચ વર્ષમાં ૪૪ ટકા દેવું વધ્યું છે અને તે પોતાના દોઢ લાખ કરોડ રૂપિયાના બજેટમાંથી લગભગ ૬૧ હજાર કરોડ રૂપિયા કર્મચારીઓના વેતન અને પેન્શન પર ખર્ચ કરી રહ્યું છે. મધ્ય પ્રદેશમાં પણ લગભગ ૫૨ ટકા બજેટની રકમ આ જ માટે ખર્ચ થઈ રહી છે. કુલ મળીને બધાં રાજ્યોની કહાની એક જેવી જ છે. બુનિયાદી સવાલ એ છે કે શું આ સામાજિક-આર્થિક ન્યાયના દષ્ટિકોણથી યોગ્ય છે?

દેશમાં લગભગ ૧૨ કરોડ લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે, જેમાંથી ૯૦ ટકાને કોઈ પ્રકારનું સંસ્થાગત પેન્શન નથી મળતું. દેશમાં સાડા પાંચ કરોડ વિધવા મહિલાઓ છે, જે આફ્રિકા અને તાન્ઝાનિયાની કુલ વસ્તી કરતાં ય વધારે છે. તેમાંથી મોટાભાગની મહિલાઓ આર્થિક સુરક્ષા કવચની બહાર છે. સરકારી તંત્રની દયા પર તેમાંથી કેટલીક મહિલાઓને જ માત્ર ૩૦૦થી ૬૦૦ રૂપિયા માસિક પેન્શન મળે છે. દેશમાં લગભગ ત્રણ કરોડ દિવ્યાંગ પણ છે, જેમને લગભગ આટલી જ રકમ જેટલું પેન્શન મળતું હોય છે. એકલા સરકારી કર્મીઓના જ ૭૮,૬૦,૬૫૭ કરોડ રૂપિયા એનપીએસમાં જમા છે, જે જીડીપીના લગભગ ૨.૪ ટકા છે. ચૂંટણી ટાણે રાજ્યોને લાગે છે કે તેઓ જૂની પેન્શન યોજના બહાલ કરવાનો વાયદો કરીને ચૂંટણી જીતી શકે છે, પરંતુ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડનાં તાજાં ઉદાહરણો સામે છે, જ્યાં ભાજપને વિપક્ષી દળ આવા વાયદા છતાં હરાવી ન શક્યાં. બહેતર રહેશે કે કેન્દ્ર સરકારની જેમ તમામ રાજ્ય સરકારો પણ આ માંગને રાષ્ટ્રીય હિતો સાથે વિશ્લેષિત કરવાનું સાહસ દેખાડે. એવું ન થવું જોઈએ કે વિપક્ષી દળ તેને એક ચૂંટણી હથિયાર રૂપે વાપરે. રાજ્યોએ એ પણ વિચારવું પડશે કે તેમણે ૨૦૦૪માં આ એનપીએસને અપનાવી જ કેમ હતી? દેશમાં વાસ્તવિક જરૂરિયાતમંદોને સામાજિક-આર્થિક સુરક્ષાનું કવચ કેવી રીતે ઉપલબ્ધ થશે? આ દિશામાં ચૂંટણી નહીં, એક સર્વસ્પર્શી અને સમાવેશી દષ્ટિની જરૂરિયાત છે. એ સમજવાની જરૂર છે કે આ જરૂરિયાતની પૂર્તિ જૂની પેન્શન યોજના બહાલ કરવા જેવાં પગલાંથી નથી થવાની.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234 info@cyberoctet.com www.cyberoctet.com

# પાંચ ચોપડી પાસ 'મિરેકલ બોય' દિપક પટેલે પશુપાલકોની આવક જબરદસ્ત વધારી દીધી!





**કુત્રિમ બિજદાન ક્ષેત્રે ૮૦ ટકાનાં ગર્ભાધાનનાં સફળતાનાં દર સાથે દિપક પટેલ છેલ્લા બે દાયકાથી સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે**



ગુજરાતના સુરત જિલ્લાના મહુવા તાલુકાનાં વહેવલ ગામના 63 વર્ષીય દિપક પટેલની આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન (કુત્રિમ બિજદાન) ટેકનિશિયન તરીકેની અસાધારણ કુશળતાને કારણે તેઓ સમગ્ર દેશમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે 'મિરેકલ બોય' તરીકે ઓળખાવા લાગ્યા છે. દક્ષિણ ગુજરાતનાં સુરત જિલ્લાનાં છેવાડાનાં ગામનાં વતની અને માત્ર પાંચ ધોરણ ભણેલા દિપક પટેલે પશુઓમાં કુત્રિમ બિજદાન થકી 80 ટકા (કન્શેપ્શન રેટ) ગર્ભાધાનનાં સફળતાનો દર હાંસલ કર્યો છે અને ભારતમાં તેઓ આ કામગિરીમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. તેમની આ વિશિષ્ટ સિદ્ધિ માટે ભારતનાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સંકળાયેલા લોકો તેમને 'મિરેકલ બોય' કહે છે. દિપક પટેલ વર્ષ-1999થી સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી) સાથે જોડાયેલા છે અને કુત્રિમ બિજદાનની પ્રવૃતિ કરે છે. છેલ્લા બે દાયકાથી તેમણે કુત્રિમ બિજદાનમાં 80 ટકા (કન્સેપ્શન રેટ) સફળતાનો દર જાળવી રાખ્યો છે જે એક અસામાન્ય કહી શકાય તેવી સિદ્ધિ છે.

સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત ટોચ પર છે. દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેનાં માર્ગદર્શનમાં ગુજરાત ડેરી ઉદ્યોગ ક્ષેત્રે નવા આયામો સર કરી કરી રહ્યું છે અને પશુ સુધારણા માટે પશુપાલન વિભાગ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

સમગ્રે દેશમાં ટોચ પર પહોંચ્યા દિપક પટેલ નિષ્ણાતોનાં મતે, ભારતમાં સરેરાશ કુત્રિમ બિજદાનનો સફળતાનો દર 35 થી 40 ટકા જેટલો છે. જ્યારે દિપકભાઈનો સફળતાનો દર 80 ટકા જેટલો છે. કુત્રિમ બિજદાન ક્ષેત્રનો 80 ટકાનો સફળતાનો આ દર રાષ્ટ્રિય સરેરાશ કરતા બમણો છે. દિપક પટેલની આ અસાધારણ કુશળતાને કારણે સુરત જિલ્લાનાં ઘણા વિસ્તારોમાં- ખાસ કરીને મહુવા તાલુકામાં- પશુઓની પ્રજનન ક્ષમતા, દૂધ ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. અત્યાર સુંધીમાં તેમણે 80 હજારથી વધુ કુત્રિમ બિજદાનની પ્રક્રિયા કરી ચૂક્યા છે.

સુમુલ ડેરીનાં વેટરનરી વિભાગનાં વડા ડો. અજીતસિંહ જાદવે જણાવ્યું કે, સુમુલ ડેરી દ્વારા તેના કાર્યક્ષેત્ર હેઠળનાં સુરત અને તાપી જિલ્લામાં દર વર્ષે અંદાજિત પાંચ લાખ કુત્રિમ બિજદાન કરવામાં આવે છે. સુમુલ ડેરીનો કુત્રિમ બિજદાનનો સફળતાનો દર 53 ટકા જેટલો છે. દિપકભાઈની વિશેષ કુશળતાને કારણે તેમનો સફળતાનો દર 80 ટકા જેટલો છે અને આ તેમની આ સફળતાનો લાભ તેમના વિસ્તારમાં (મહુવા)માં પશુપાલકોને મળે છે એટલે આ વિસ્તારમાં દૂધાળા પશુઓની સંખ્યા વધે છે અને તેમની દૂધની ઉત્પાદક્તા વધુ છે".




## દિપક પટેલની સફળતાનું રહસ્ય

થોડા દિવસ પહેલા દિપક પટેલને એક પશુપાલકનો ફોન આવ્યો અને જાણ કરી કે, તેમની ગાયને કુત્રિમ બિજદાનની જરૂર છે. દિપક પટેલ પશુપાલકનાં ઘરેગયા. ગાયનું નિરીક્ષણ કર્યું અને પશુપાલકને સલાહ આપી કે, થોડા કલાકો રાહ જુઓ. હું સાંજે પાછો આવીશ અને પછી કુત્રિમ બિજદાન કરીશ. કેમ કે, ગાય હજુ યોગ્ય રીતે હીટમાં નથી એટલે આ સમય કુત્રિમ બિજદાન માટે યોગ્ય નથી. બિજદાન માટે સમયની આ સચોટ પરખ જ તેમની અસાધારણ સફળતાનું મુખ્ય રહસ્ય છે.

સુમુલ ડેરીના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર ડો. પી.આર. પાંડેએ જણાવ્યું કે, "સુમુલ ડેરીએ દીપકભાઈની પ્રતિભાને વહેલી ઓળખી લીધી હતી. તેઓ દેશમાં સૌથી વધુ 80 ટકા સફળતા દર ધરાવતા કુત્રિમ બિજદાન કરનારા ટેકનિશિયન છે. આ એક અસાધારણ સફળતા કહેવાય અને તેમની આ કુશળતાને કારણે હજ્જારો પશુપાલકોની આવક વધી છે અને પશુસુધારણાનું કામ ઝડપી બન્યું." સુમુલ ડેરી સુરત અને તાપી જિલ્લામાંથી દૂધ એકત્રિત કરે છે અને તે અમુલ બ્રાન્ડ હેઠળ કાર્યરત ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જાડે જોડાયેલી સહકારી સંસ્થા છે.

## દિપક પટેલનાં કાર્યક્ષેત્રમાં પશુઓની દૂધ ઉત્પાદક્તા વધી

ડો. પી.આર.પાંડે દ્વારા દિપક પટેલ પર લિખિત પુસ્તકમાં દર્શાવેલા આંકડા મુજબ, દિપક પટેલની કુત્રિમ બિજદાનમાં સફળતાની અસર તેમના કાર્યક્ષેત્ર (મહુવા તાલુકો)માં પશુઓમાં દૂધ ઉત્પાદક્તાનાં આંકડાઓમાં પણ જણાય છે. દેશમાં સરેરાશ એક શંકર ગાય (ક્રોસ બ્રિડ) પ્રતિ દિવસ 7.4 લિટર દૂધ આપે છે. ગુજરાતમાં એક શંકર ગાય પ્રતિ દિવસ 8.05 લિટર દૂધ આપે છે પણ સુરત જિલ્લાનાં મહુવા તાલુકામાં એક શંકર ગાય પ્રતિ દિવસ 11.3 લિટર દૂધ આપે છે. કુત્રિમ બિજદાન થકી ઉચ્ચ ગુણવત્તાવાળુ પશુધન વધુ દૂધ આપે છે અને પશુપાલકની આવક વધારે છે. સુરત જિલ્લાનાં મહુવા તાલુકાનાં હજ્જારો પશુપાલકોની ગાયો વધુ દૂધ આપે છે અને તેમની આવક વધી છે તેની પાછળ દિપક પટેલની કુશળતા અને સમર્પણ સમાયેલા છે.



દિપક પટેલની ઉંમર હાલ 63 વર્ષની છે અને તેમની પાસે રહેલા જ્ઞાન અને કૌશલ્યને આવનારી પેઢીને આપવા માટે તેમણે તેમના જમાઇને આ ક્ષેત્રે તૈયાર કર્યા છે. તેમના જમાઇ પણ હવે કુત્રિમ બિજદાનનું કાર્ય કરે છે અને તેમના પગલે ચાલી રહ્યા છે.

## તેમના જીવનની કથા પુસ્તક અને દસ્તાવેજી ફિલ્મમાં કંડારાઇ

દિપક પટેલનાં જીવન પર ડો. પી.આર. પાંડે અને શાશ્વત અધ્વર્યુ દ્વારા 'ધ મિરેકલ બોય - દિપક પટેલ' નામનું અંગ્રેજીમાં એક પુસ્તક લખવામાં આવ્યું છે. આ ઉપરાંત, કુત્રિમ બિજદાનનું કામ કરતા ટેકનિશિયનોને પ્રેરણા આપવા માટે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) દ્વારા દિપક પટેલનાં કાર્યને દર્શાવતી એક શોર્ટ ડોક્યુમેન્ટરી (Safal Bijdan) પણ બનાવવામાં આવી છે.

કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહ દ્વારા પણ દિપક પટેલનું સન્માન કરવામાં આવ્યું છે. દિપક પટેલ કુત્રિમ બિજદાન કરતા ટેકનિશિયનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.



**સુરત જિલ્લાનાં વહેવલ ગામનાં દિપક પટેલ પશુઓમાં કુત્રિમ બિજદાનનું કાર્ય કરે છે. કુત્રિમ બિજદાન ક્ષેત્રે 80 ટકાનાં (કન્શેપપ્શન રેટ) સફળતાનાં દરને કારણે સમગ્ર દેશમાં ડેરી ઉદ્યોગ તેમને 'મિરેકલ બોય' તરીકે ઓળખે છે**

**દેશમાં એક શંકર ગાય (ક્રોસ બ્રિડ) સરેરાશ પ્રતિ દિવસ 7.4 લિટર દૂધ આપે છે. ગુજરાતમાં એક શંકર ગાય સરેરાશ પ્રતિ દિવસ 8.05 લિટર દૂધ આપે છે પણ સુરત જિલ્લાનાં મહુવા તાલુકામાં એક શંકર ગાય પ્રતિ દિવસ 11.3 લિટર દૂધ આપે છે. મહુવા તાલુકાનાં ગામડાઓમાં હજ્જારો પશુપાલકોની આવક વધી તેની પાછળ દિપક પટેલની કુશળતા અને સમર્પણ છે**

**સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત ટોચ પર છે. દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેનાં માર્ગદર્શનમાં ગુજરાત ડેરી ઉદ્યોગ ક્ષેત્રે નવા આયામો સર કરી કરી રહ્યું છે**



# દુબઈમાં ફસાયેલા ૨૫૦ થી વધુ ભારતીયો માટે ધીરજ જૈને ફાર્મ હાઉસના દરવાજા ખોલીને આશ્રય આપ્યો







ઉમેશ જૈન, ઈન્દોર : દુબઈ/અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ખાડી દેશોની હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ છે. ઘણી ફ્લાઈટ્સ અચાનક રદ કરવામાં આવી છે, જેના કારણે દુબઈ અને આસપાસના પ્રદેશમાં મોટી સંખ્યામાં ભારતીયો ફસાયેલા છે. માનવતાનું ઉદાહરણ બેસાડતા ઉદ્યોગપતિ ધીરજ જૈને દુબઈમાં તેમના ખાનગી ફાર્મહાઉસના દરવાજા ભારતીયો માટે ખોલી નાખ્યા છે. ધીરજ જૈને ફસાયેલા ભારતીયોને ખાનગી વાહનોમાં અજમાનીમાં તેમના ફાર્મહાઉસમાં પહોંચાડ્યા અને મફત રહેવાની વ્યવસ્થા, ભોજન અને અન્ય મૂળભૂત સુવિધાઓ પૂરી પાડી. હાલમાં, લગભગ ૨૫૦ ભારતીયો ત્યાં રોકાઈ રહ્યા છે, જ્યારે ફાર્મહાઉસ ૫૦૦ જેટલા લોકોને સમાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. જૈન આ પ્રયાસમાં મદદ કરી રહ્યા છે.ટીમ, મિત્રો અને પરિવાર પણ સ્વયંસેવક છે.ધીરજ જૈનની ઓફિસ ટીમ, મિત્રો અને સંબંધીઓ પણ આ સમગ્ર પરિસ્થિતિને સંભાળવા માટે તેમની સાથે કામ કરી રહ્યા છે. તેમની પત્ની મમતા, ૧૪ વર્ષનો પુત્ર જયમન અને ૧૧ વર્ષની પુત્રી જીવિકા છેલ્લા ત્રણ દિવસથી ફાર્મહાઉસમાં રહીને લોકોને મદદ કરી રહ્યા છે. ભારતમાં, તેઓ "જૈનમ જીવિકા ફાઉન્ડેશન" ચલાવે છે.થોડા કલાકોમાં જ સેંકડો કોલ આવ્યા, જેમાં આશરે ૫,૦૦૦ ભોજનનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું. વેબસાઈટ દ્વારા ફાર્મહાઉસની વ્યવસ્થા અંગેનો સંદેશ શેર થતાં જ, થોડા કલાકોમાં જ સેંકડો કોલ અને સંદેશાઓ આવ્યા.

## સોનલ ચૌહાણ દુબઈમાં, ઈશા ગુપ્તા અબુધાબીમાં ફસાઈ ગયાં



। એજન્સી, મુંબઇ, તા.૫ ।

અમેરિકાએ ઈરાન પર હુમલો શરુ કરી દીધા બાદ ઈરાને વળતાં પગલાં તરીકે દુબઈ સહિતના અખાતી દેશોને નિશાન બનાવતાં ભારતથી અમેરિકા અને યુરોપ જવાના ફલાઈટ રુટ માટેનું મુખ્ય ટ્રાન્ઝિટ એરપોર્ટ સમાન દુબઈનું એરપોર્ટ બંધ થઈ ગયું છે. તેના કારણે હાલ દુબઈ સહિતના અખાતી દેશોમાં પ હોંચેલા અનેક ભારતીય કલાકારો પણ અટવાઈ પડયા છે.

ઈમરાન હાશ્મી સાથે 'જન્નત' ફિલ્મમાં દેખાયેલી એક્ટ્રેસ સોનલ ચૌહાણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે ફ્લાઈટસ બંધ થતાં પોતે દુબઈમાં ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જ ભારત સરકારનાં મદદ માર્ગદર્શનની માંગ કરી હતી. બીજી તરફ એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે પોતે અબુધાબીમાં અટવાઈ ગઈ છે પરંતુ અહીં તે બિલકૂલ સુરક્ષિત છે. ભારતીય એક્ટર આર. માધવન લાંબા સમયથી દુબઈમાં શિફ્ટ થઈ ગયો છે. જોકે, તેણે મીડિયાને જણાવ્યા અનુસાર હાલ તે અને તેનો પરિવાર અમેરિકા છે અને જ્યારે ફલાઈટ્સ શરુ થશે ત્યારે તેઓ દુબઈ પાછા ફરશે.ભારતીય ફિલ્મ ક્રિટિક કમાલ આર ખાન પણ દુબઈમાં રહે છે.

### ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પહોંચ્યું

# ઈરાને અઝરબૈઝાન પર કર્યા ડ્રોન હુમલા, યુદ્ધમાં ઓસ્ટ્રેલિયાની પણ એન્ટ્રી, દોહામાં ભારે ધડાકા

**બીજી બાજુ કતારની રાજધાની દોહામાં પણ મોટા ધડાકાના અવાજ સંભળાયા હતા । અહીં પણ ડ્રોન અને મિસાઈલ દ્વારા એટેકની માહિતી સામે આવી રહી છે**

। એજન્સી, તહેરાન, તા.૫ ।

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પ હોંચ્યું છે. છેલ્લા પાંચ દિવસમાં ૧૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સંઘર્ષની આગ હવે હિંદ મહાસાગર સુધી ફેલાઈ ગઈ છે.ઈરાનના યુદ્ધનો દાયરો વધતો જ જઈ રહ્યો છે. ઈરાને હવે અઝરબૈઝાન પર ડ્રોન્સ વડે એટેક કર્યો છે. રિપોર્ટ અનુસાર અઝરબૈઝાનમાં નખચિવન એરપોર્ટ પર ડ્રોન્સ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં સામાન્ય નાગરિકો પણ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. જ્યારે બીજી બાજુ કતારની રાજધાની દોહામાં પણ મોટા ધડાકાના અવાજ સંભળાયા હતા. અહીં પણ ડ્રોન અને મિસાઈલ દ્વારા એટેકની માહિતી સામે આવી રહી છે. મિડલ ઈસ્ટ(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા પણ સક્રિય થયું છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે જાહેરાત કરી છે કે તેમનો દેશ મધ્ય પૂર્વમાં સૈન્ય સંસાધનો મોકલી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ઓસ્ટ્રેલિયન "સૈન્ય મિલકતો" મધ્ય પૂર્વ તરફ રવાના થઈ રહી છે. જોકે, સુરક્ષાના કારણોસર તેમણે કયા



પ્રકારના હથિયારો કે સંસાધનો મોકલવામાં આવ્યા છે તેની વિગતવાર માહિતી આપી નથી. તેમણે આ પગલાને 'કન્ટીન્જન્સી પ્લાન' (કટોકટીની સ્થિતિ માટેની તૈયારી) ગણાવ્યો છે.ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટર SBS ન્યૂઝના અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા દ્વારા બે સૈન્ય વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ વિમાનોનો ઉપયોગ સંભવિત રીતે નાગરિકોને બહાર કાઢવા અથવા સૈન્ય મદદ પૂરી પાડવા માટે થઈ શકે છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા જેવો મોટો દેશ જોડાતા વૈશ્વિક સ્તરે આ સંઘર્ષ વધુ વ્યાપક બનવાની આશંકા સેવાઈ રહી છે. ઓસ્ટ્રેલિયાના આ પગલાથી પ્રાદેશિક સુરક્ષા સમીકરણો પર મોટી અસર પડી શકે છે.મધ્ય પૂર્વમાં ભીષણ જંગ ચાલુ છે ત્યારે અમેરિકાએ પોતાની સૈન્ય તાકાતનું પ્રદર્શન કરતા 'મિનટમેન-3' નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલ પરમાણુ હુમલો કરવા સક્ષમ છે અને હિરોશિમા પર ફેંકાયેલા બોમ્બ કરતાં ૨૦ ગણી વધુ શક્તિશાળી છે. કેલિફોર્નિયાથી કરાયેલું આ પરીક્ષણ ઈરાન માટે સીધી ચેતવણી માનવામાં આવે છે.લેબેનોનના હેલ્થ મિનિસ્ટ્રીના અહેવાલ અનુસાર ઈઝરાયલી સૈન્યએ ત્રિપોલીના તટીય વિસ્તારમાં પેલેસ્ટાઈનીઓના શરણાર્થી કેમ્પની ઈમારતને નિશાન બનાવી હતી.

### જહાજ પર હુમલા મામલે ઈરાનની અમેરિકાને ચેતવણી

# હિંદ મહાસાગરમાં ઈરાનના વધુ એક જહાજ પર ખતરો! શ્રીલંકા પાસે માંગી મદદ

**હિંદ મહાસાગરમાં વધુ એક ઈરાની જહાજ ફસાયું હોવાનું સરકારને માહિતી મળી । અમેરિકાના હુમલામાં ઈરાની જહાજ ડૂબ્યું, ૮૦થી વધુના મોત**

। એજન્સી, તહેરાન, તા.૫ ।

અમેરિકાની સબમરીને ચોથી માર્ચે શ્રીલંકાના દક્ષિણ દરિયાકાંઠા પાસે ઈરાની યુદ્ધજહાજ પર ટોર્પિડોથી હુમલો કર્યો હતો, જેમાં જહાજ ડૂબી જવાની સાથે ૮૦ લોકોના મોત થયા હતા, ત્યારે આ જ હિંદ મહાસાગરમાં વધુ એક ઈરાની જહાજ પર ખતરો મંડરાઈ હોવાનું સામે આવ્યું છે. શ્રીલંકાએ કહ્યું કે, તેના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં ઈરાનનું વધુ એક જહાજ ઊભું છે અને તેમણે ઈમરજન્સી મદદ માંગી છે.શ્રીલંકાએ આજે (૫ માર્ચ) કહ્યું છે કે, હિંદ મહાસાગરમાં એક ઈરાની જહાજ ઊભું છે, જે અમારા જળવિસ્તારમાં પ્રવેશ કરવા માટે મંજૂરી માંગી રહ્યા છે. શ્રીલંકન સરકારના પ્રવક્તા અને મંત્રી નલિંદા જયથિસાએ સંસદમાં કહ્યું છે કે, હિંદ મહાસાગરમાં વધુ એક ઈરાની જહાજ ફસાયું હોવાનું સરકારને માહિતી મળી છે અને સરકાર જહાજ પરના લોકોને સુરક્ષિત સુનિશ્ચિત કરતાં પગલાંઓ પર વિચારણા કરી રહી છે. સરકાર ક્ષેત્રીય શાંતિ જાળવી રાખવા માટે અને જહાજ પરના તમામ લોકોની સુરક્ષા માટેના પ્રયાસ કરી રહી છે.શ્રીલંકન સરકારના પ્રવક્તાના જણાવ્યા મુજબ, હાલ શ્રીલંકાના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં ઊભું રહેલું ઈરાની જહાજ મદદની રાહ જોઈ રહ્યું છે, જોકે હજુ તેઓએ અમારા દેશની જળસીમામાં પ્રવેશ કર્યો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ, જહાજે ઈમરજન્સી મદદ માંગી છે.ઉલ્લેખનીય છે કે, ચોથી માર્ચના રોજ અમેરિકન સબમરીને ૫ ણીની અંદરની મિસાઈલ 'ટોર્પિડો'થી ઈરાની જહાજ પર હુમલો કર્યો હતો, જેમાં ૮૦થી વધુ લોકના મોત થયા હોવાની આશંકા છે, જ્યારે ૩૫ લોકોને બચાવી લેવાયા છે. અમેરિકાએ કોઈપણ ચેતવણી આપ્યા વગર શ્રીલંકાના ગાલે શહેરથી લગભગ ૪૦ નોટિકલ માઈલ દૂર ઈરાની નૌસેનાના યુદ્ધજહાજ IRIS ડે પર હુમલો કર્યો હતો, જેમાં જહાજ ડૂબી ગયું હતું. રિપોર્ટ મુજબ અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે દરિયાઈ ક્ષેત્રમાં આ પહેલી ઘટના બની હોવાનું મનાઈ રહ્યું છે.જહાજ પર હુમલા બાદ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાને ધમકી આપી છે. અરાઘચીએ એક પોસ્ટમાં લખ્યું છે કે, અમેરિકાએ ઈરાન દરિયાકિનારાથી ૨૦૦૦ માઈલ દૂર દરિયામાં એક જઘન્ય અપરાધ કર્યો છે.

## મૃણાલ ઠાકુરની ડકૈત ફિલ્મ ચોથી વાર પાછળ ઠેલાઈ




। એજન્સી, મુંબઈ, તા.૫ ।

મૃણાલ ઠાકુર અને અદિવી સેશની ફિલ્મ 'ડકૈત' ચોથી વાર પાછળ ઠેલાઈ છે. હવે આ ફિલ્મ આગામી એપ્રિલ મહિનામાં રજૂ થશે અને તે ત્યારે અક્ષય કુમારની ફિલ્મ 'ભૂતબંગલા' સાથે ટકરાશે. આ ફિલ્મ મૂળ ગત ડિસેમ્બરમાં જ રીલિઝ થઈ જવાની હતી. પરંતુ, અદિવી શેઠની ઈજાને કારણે શૂટિંગ લંબાઈ જતાં તે માર્ચની ૧૯મી તારીખ પર ઠેલાઈ હતી.

જોકે, આ દિવસે બે મોટી ફિલ્મો 'ધુરંધર પાર્ટ ટુ' અને 'ટોક્સિક' રજૂ થવાની હોવાથી ફિલ્મ વધુ એક સપ્તાહ માટે પાછળ ઠેલવામાં આવી હતી. હવે એ તારીખ પણ રદ કરીને એપ્રિલ મહિનાની ૧૦મી તારીખ નક્કી કરવામાં આવી છે. ફિલ્મમાં અનુરાગ કશ્યપ, અતુલ કુલકર્ણી અને પ્રકાશ રાજ સહિતના કલાકારો છે. જોકે, કદાચ મેકર્સને પોતાની ફિલ્મની બોક્સ ઓફિસ પર કમાણીની ક્ષમતા પર ભરોસો નથી રહ્યો એટલે તેઓ વારંવાર ફિલ્મની રીલિઝ ડેટ બદલી રહ્યા છે.

મૃણાલ ઠાકુર અને અદિવી સેશની ફિલ્મ 'ડકૈત' ચોથી વાર પાછળ ઠેલાઈ છે. હવે આ ફિલ્મ આગામી એપ્રિલ મહિનામાં રજૂ થશે અને તે ત્યારે અક્ષય કુમારની ફિલ્મ 'ભૂતબંગલા' સાથે ટકરાશે. આ ફિલ્મ મૂળ ગત ડિસેમ્બરમાં જ રીલિઝ થઈ જવાની હતી. પરંતુ, અદિવી શેઠની ઈજાને કારણે શૂટિંગ લંબાઈ જતાં તે માર્ચની ૧૯મી તારીખ પર ઠેલાઈ હતી.

## કેનેડામાં ફેમસ યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા, ખલિસ્તાનીઓ પર શંકાની સોય

। એજન્સી, ટોરેન્ટો,૫ ।

કેનેડાના લા સેલ વિસ્તારમાં પંજાબી મૂળની પ્રખ્યાત યુટ્યુબર નેન્સી ગ્રેવાલની હત્યા કરી દેવાઈ છે. નેન્સી ગ્રેવાલ કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને ખાલિસ્તાની તત્વોની કટ્ટર ટીકાકાર તરીકે જાણીતા હતા.

મંગળવારે રાત્રે બનેલી આ ઘટનામાં હુમલાખોરોએ તેમને ચપ્પુના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતા. જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.નેન્સી ગ્રેવાલ સોશિયલ મીડિયા પર પોતાની નીડર અને તીખી ટિપ્પણીઓ માટે જાણીતા હતા. ખાસ કરીને ભારત અને કેનેડા વચ્ચેના તણાવ દરમિયાન તેમણે ખાલિસ્તાનીઓ અને જસ્ટિન ટ્રુડોની નીતિઓની ખુલ્લેઆમ નિંદા કરી હતી. તેઓ ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહ વિરુદ્ધ પણ અવાજ ઉઠાવતા હતા. તેમની આ મુખરતાને કારણે તેમની હત્યા પાછળ ખાલિસ્તાની તત્વોનો હાથ હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.કેનેડા પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારે રાત્રે અંદાજે ૯:૩૦ વાગ્યે નેન્સી ગ્રેવાલ ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, ૫ રંતુ વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. હાલ પોલીસે નેન્સીના ઘરની આસપાસના વિસ્તારમાં ઘેરાબંધી કરી છે.

## પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગની આગ હવે પાડોશી દેશો સુધી પ્રસરી । ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનનું સમર્થન કરનારા દેશ પર ઈરાનનો હુમલો

। એજન્સી, તહેરાન, તા.૫ ।

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ જંગની આગ હવે પાડોશી દેશો સુધી પ્રસરી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ સામેના સંઘર્ષ વચ્ચે ઈરાને હવે અઝરબૈજાન પર ડ્રોન હુમલા કરીને યુદ્ધનો વ્યાપ વધારી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ૫ માર્ચના રોજ બપોરના સમયે ઈરાની વિસ્તારમાંથી બે ડ્રોન લોન્ચ કરવામાં આવ્યા હતા, જેણે અઝરબૈજાનના વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ ગણાતા નખચિવન ઈન્ટરનેશનલ ઍરપૉર્ટને નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં ઍરપૉર્ટની ટર્મિનલ બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને ત્યાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ સિવાય એક ડ્રોન રહેણાંક વિસ્તારની સ્કૂલ પાસે પ ડતાં નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.અઝરબૈજાને આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરતાં તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ ઘટના બાદ અઝરબૈજાન સરકારે ઈરાનના રાજદૂત મૌજતબા ડરમચિલુને સમન્સ પાઠવીને પોતાનો સખત વિરોધ નોંધાવ્યો છે. અઝરબૈજાને સ્પષ્ટ ચીમકી આપી છે કે તેઓ આ હુમલાનો જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. ઓનલાઈન વાઈરલ થયેલા વીડિયોમાં ઍરપૉર્ટ પર થયેલા જોરદાર ધડાકા અને ફ્લેશ જોઈ શકાય છે. નિષ્ણાતો માની રહ્યા છે કે અમેરિકા અને ઈઝરાયલ સાથેના તણાવ વચ્ચે ઈરાન હવે આ ક્ષેત્રના અન્ય દેશોને પણ નિશાન બનાવીને પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.મહત્ત્વની વાત એ છે કે અઝરબૈજાન આંતરરાષ્ટ્રીય મોરચે હંમેશા પાકિસ્તાનનો સાથ આપે છે અને કાશ્મીર મુદ્દે ભારત વિરોધી નિવેદનો આપતું રહ્યું છે.

### શું બંને દેશો પાસે હથિયારો ખૂટી જશે?

### શ્રીલંકાના દક્ષિણ કિનારા પર એક યુએસ સબમરીન દ્વારા ઈરાની યુદ્ધાજહાજને ડૂબાવવાના ૨૪ કલાકથી પણ ઓછા સમય બાદ ઘટનાને અંજામ આપવામાં આવી

# ઈરાનનો બદલો! પર્સિયન ગલ્ફમાં અમેરિકન ટેન્કર પર મિસાઈલ હુમલો, સમુદ્રની વચ્ચે ભડભડ સળગ્યું જહાજ

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

ઈરાને તેના યુદ્ધ જહાજ IRIS ડેના પરના હુમલા માટે અમેરિકા સામે બદલો લીધો છે. હિંદ મહાસાગરમાં ઈરાની યુદ્ધ જહાજ પર થયેલા હુમલા બાદ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ ગુરુવારે દાવો કર્યો હતો કે, તેઓએ ઉત્તરી પર્સિયન ગલ્ફમાં એક અમેરિકન ટેન્કર પર મિસાઈલ હુમલો કર્યો હતો. ઈરાની રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે, હુમલા બાદ યુએસ જહાજ સમુદ્રની વચ્ચે ભડભડ સળગવા લાગ્યું હતું. આ હુમલો એવા સમયે થયો જ્યારે ઈરાની વિદેશ મંત્રીએ ચેતાવણી આપી કે શ્રીલંકાના કિનારા પર IRIS ડેના પર બુધવારની રાત્રે હુમલો કરવા બદલ અમેરિકાને પસ્તાવું પડશે. એટલાં માટે તેમણે 'BITTERLY REGRE' શબ્દનો ઉપયોગ કર્યો હતો. ઈરાની સેના IRGCના નિવેદન બાદ આ હુમલો થયો હતો. જેમાં જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટથી જહાજનું આવન-જાવન તેઓના કંટ્રોલમાં રહેશે. આ ઘટના સંઘર્ષમાં એક મોટી વૃદ્ધિ દર્શાવે છે, જેમાં ઈરાનમાં ૧,૨૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે અને ૬ યુએસ સર્વિસ સભ્યોના જીવ ગયા છે.ગુરુવારે ઈરાને ઓઈલ ટેન્કર પર હુમલો કરવાનો દાવો કર્યો છે. આમ, શ્રીલંકાના દક્ષિણ



કિનારા પર એક યુએસ સબમરીન દ્વારા ઈરાની યુદ્ધાજહાજને ડૂબાવવાના ૨૪ કલાકથી પણ ઓછા સમય બાદ ઘટનાને અંજામ આપવામાં આવી હતી. તેનાથી યુદ્ધ હિંદ મહાસાગર સુધી ફેલાયું છે અને તે ભારતના પાછળના ભાગ સુધી પણ આવી ગયું છે.ગાર્ડ્સના જનસંપર્ક વિભાગે રાજ્ય સમાચાર એજન્સીં ઈંદ્રછ દ્વારા રજૂ કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈરાની નૌકાદળે "ઉત્તરીય ખાડીમાં એક અમેરિકન ઓઈલ ટેન્કરને સફળતાપૂર્વક નિશાન બનાવ્યું." જો કે, વધુ વિગતો આપવામાં આવી નથી. બીજી તરફ, ઈરાનના દાવા સામે અમેરિકા તરફથી કોઈ પ્રતિક્રિયા કરવામાં આવી નથી.ઈરાને ગુરુવારે સવારે ઈઝરાયલ અને અમેરિકા બેઝ પર હુમલાની એક નવી લહેર શરૂ કરી છે અને ધમકી આપી છે કે, અમેરિકાને હિંદ મહાસાગરમાં ઈરાની યુદ્ધજહાજ પર ટૉરપીડો કરવાનો પછતાવો થશે. એક ધાર્મિક નેતાએ ટ્રમ્પ માટે શખત શબ્દોનો પ્રયોગ કર્યો. જ્યારે ઈઝરાયલે કહ્યું કે, તેઓએ તેહરાન પર મોટાપાયે હુમલો શરૂ કરી દીધો છે.ઈઝરાયલે અનેક મિસાઈલ હુમલાની જાહેરાત કરી છે અને તેલ અવીવ અને જેરુસલેમમાં હવાઈ સાયરન વગાડવામાં આવ્યા. ઈરાની સરકારી ટેલિવિઝને કહ્યું કે, 'હુમલામાં યુએસ બેઝને નિશાનો બનાવ્યો.'ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે, તેણે છેલ્લા ૨૪ કલાકમાં લેબનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ આતંકવાદી જૂથ સાથે જોડાયેલા ૮૦ ટાર્ગેટને નિશાન બનાવ્યા છે.

**અનેક દેશો લોહીલુહાણ**

**અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત હુમલાઓ કરતાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈ સહિત અનેક ટોચના અધિકારીઓ અને નેતાઓના મોત**

# ઈરાન VS અમેરિકા-ઈઝરાયલ યુદ્ધઃ ૬ દિવસમાં ૧૨૦૦થી વધુના મોત

। એજન્સી, તહેરાન, તા.૫ ।

અમેરિકા અને ઈરાન વચ્ચે આજે યુદ્ધનો છઠ્ઠો દિવસ છે. શરૂઆતમાં અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત હુમલાઓ કરતાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈ સહિત અનેક ટોચના અધિકારીઓ અને નેતાઓના મોત થયા હતા. ખામેનેઈની મોત બાદ ભયાનક સ્થિતિ ઊભી થઈ ગઈ છે. બંને દેશો એકબીજા પર મિસાઈલ અને ડ્રોનથી સતત હુમલાઓ કરી રહ્યા છે. ઈરાને વળતો જવાબ આપીને ઈઝરાયલના તેલ અવીવ, જેરુસલેમ સહિત અનેક શહેરોને ટાર્ગેટ કર્યા છે. એટલું નહીં તેણે મધ્ય-પૂર્વના દેશો કતર, બહેરીન અને સંયુક્ત આરબ અમીરાત



જેવા દેશોમાં અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર પણ હુમલાઓ ચાલુ રાખ્યા છે, જેમાં અનેક નાગરિકો અને સૈનિકોના મોત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે.અમેરિકા-ઈઝરાયલનો ઈરાન પર હુમલો અને ઈરાન દ્વારા મધ્ય-પૂર્વના અનેક દેશો પર હુમલા બાદ મધ્ય-પૂર્વમાં સંપૂર્ણ સ્થિતિ વણસી ગઈ છે. એટલું જ નહીં આ યુદ્ધની અસર છેક શ્રીલંકા પાસે હિંદ મહાસાગરમાં પણ થઈ છે, જેમાં અમેરિકન સબમરીને ટોર્પિડોથી હુમલો કરીને ઈરાનનું યુદ્ધજહાજ તોડી પાડતાં ૮૦થી વધુ લોકોના મોત થયાની આશંકા છે. આ ઘર્ષણથી સ્પષ્ટ થઈ ગયું છે કે, યુદ્ધની અસર દૂર દૂર સુધી ફેલાઈ રહી છે.યુદ્ધમાં સૌથી વધુ ઈરાનને નુકસાન થયું છે. ઈરાની અધિકારીઓના જણાવ્યા મુજબ, દેશમાં અત્યાર સુધીમાં ૧૭૫ વિદ્યાર્થીનીઓ અને શાળાનો સ્ટાફ સહિત ૧૨૩૦ લોકોના મોત થયા છે. ઈરાનની માનવીય સંસ્થા ઈરાની રેડ ક્રેસેન્ટ સોસાયટીએ કહ્યું હતું કે, યુદ્ધના પહેલા જ દિવસે દક્ષિણ શહેર મિનાબમાં એક પ્રાથમિક શાળા પર મિસાઈલ ઝિંકવામાં આવી હતી, જેમાં ૧૭૫ વિદ્યાર્થીઓના મોત થયા છે. જોકે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના કેટલા સૈનિકોના મોત થયા, તેની માહિતી હજુ સામે આવી નથી.ઈઝરાયલમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે.લેબેનોનના આરોગ્ય મંત્રાલયના રિપ ોર્ટ મુજબ, દેશમાં ૭૭ લોકોના મોત થયા છે.બેહરીનના ગૃહમંત્રાલયના રિપ ોર્ટ મુજબ, મિસાઈલને અટકાવવાની કાર્યવાહી કર્યા બાદ સલમાન ઈન્ડસ્ટ્રિયલ શહેરમાં આગ લાગી ગઈ હતી, જેમાં એક વ્યક્તિનું મોત થયું છે.કુવૈતના આરોગ્ય અને વિદેશ મંત્રાલયના રિપ ોર્ટ મુજબ, દેશ પર ઈરાની હુમલામાં ત્રણ લોકોના મોત થયા છે, જેમાં બે કુવૈતી સૈનિકો પણ સામે છે.ઓમાન દરિયાકાંઠા પાસે માર્શલ આઈલૅન્ડના ધ્વજવાળા ટેન્કર એમકેડી વ્યોપર એક પ્રોક્ટાઈલ ઝિંકાઈ હતી.

નસવાડીમાં 'નલ સે છલ' સેવાના ૮૨ કરોડની યોજના 'પાણી'માં!

# કુકરદામાં ૩ વર્ષથી ટાંકી-નળ તૈયાર પણ પાણીનું ટીપુંય ટપક્યું નથી

## કરોડો રૂપિયાના ખર્ચે બનેલી કુપ્પા પાણી પુરવઠા યોજના માત્ર સરકારી ચોપડે જ સફળ દેખાઈ રહી છે, જ્યારે વાસ્તવિકતામાં દીવા તળે અંધારું જેવો ઘાટ ઘડાયો

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૫ ।

છોટાઉદેપુરમાં એક તરફ સરકાર છેવાડાના માનવી સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ નસવાડી તાલુકાના કુકરદા ગામે 'વિકાસની ગુલબાંગો'ની પોલ ખોલી નાખી છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી કુપ્પા પાણી પુરવઠા યોજના માત્ર સરકારી ચોપડે જ સફળ દેખાઈ રહી છે, જ્યારે વાસ્તવિકતામાં દીવા તળે અંધારું જેવો ઘાટ ઘડાયો છે. કુપ્પા પાણી પુરવઠા યોજના ભ્રષ્ટાચાર થયો હોવાનો પણ દાવો થઈ રહ્યો છે.

સરકારે કુપ્પા પાણી પુરવઠા યોજના અંતર્ગત ૮૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ૮૨ ગામોને નર્મદાનું ફિલ્ટરયુક્ત શુદ્ધ પાણી પહોંચાડવાનો હતો. કુકરદા ગામમાં પણ પાઈપ લાઈનો નંખાઈ, ટાંકીઓ બની અને ઘરે-ઘરે નળ પણ લાગ્યા. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ત્રણ-ત્રણ વર્ષથી આ માળખું તૈયાર હોવા છતાં આજદિન સુધી નળમાં પાણીનું ટીપું પણ ટપક્યું નથી.કુકરદા ગામના ૧૨ ફળિયામાં અંદાજે ૬ હજારથી વધુની વસ્તી વસે છે. ઉનાળાની શરૂઆત થતા જ ગ્રામના પંચાયત હસ્તકના બોરના પાણીના સ્તર નીચે ઉતરી ગયા છે અને સ્થાનિક નદીઓ પણ સુકાઈ ગઈ છે. ખાસ કરીને ૫૦૦ની વસ્તી ધરાવતા બોડાબરા ફળિયાની સ્થિતિ અત્યંત કપરી છે.

અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં પાણી ન મળતા લોકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ એવો દાવો કરી રહ્યા છે કે યોજના સફળતાપૂર્વક ચાલી રહી છે અને ઘરે-ઘરે પાણી પહોંચી રહ્યું છે. પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. ગ્રામજનો દાવા સાથે સવાલો કરી રહ્યા છે કે, જો કરોડોનો ખર્ચ થયો છે, તો પાણી ક્યાં ગયું? શું અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને જ કાગળ પર વિકાસના આંકડા બતાવે છે? ચૂંટણી ટાણે મતો માંગવા આવતા નેતાઓ આ તરસ્યા આદિવાસી વિસ્તારની મુલાકાત લેવાની તસ્દી લેશે ખરા?કરોડો રૂપિયાનો ખર્ચ સરકારી ચોપડે ઉધારી દેવામાં આવ્યો છે, છતાં જનતા પાણી માટે વલખાં મારી રહી છે. આ ભ્રષ્ટાચાર છે કે તંત્રની નિષ્કાળજી? છેવાડાના આદિવાસી સમાજની આ મૂળભૂત જરૂરિયાત પ્રત્યે તંત્ર ક્યારે જાગશે તે મોટો પ્રશ્ન છે. હાલ તો ગ્રામજનો એક જ માંગ કરી રહ્યા છે કે વહેલી તકે કુપ્પા યોજનાનું પાણી જે કાગળમાં દેખાય છે તે વાસ્તવમાં તેમના નળ સુધી પહોંચાડવામાં આવે.છોટાઉદેપુરમાં એક તરફ સરકાર છેવાડાના માનવી સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ નસવાડી તાલુકાના કુકરદા ગામે 'વિકાસની ગુલબાંગો'ની પોલ ખોલી નાખી છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી કુપ્પા પાણી પુરવઠા યોજના માત્ર સરકારી ચોપડે જ સફળ દેખાઈ રહી છે, જ્યારે વાસ્તવિકતામાં દીવા તળે અંધારું જેવો ઘાટ ઘડાયો છે. કુપ્પા પાણી પુરવઠા યોજના ભ્રષ્ટાચાર થયો હોવાનો પણ દાવો થઈ રહ્યો છે.સરકારે કુપ્પા પાણી પુરવઠા યોજના અંતર્ગત ૮૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવી હતી.



### કરોડોનો ખર્ચ થયો છે, તો પાણી ક્યાં ગયું?

અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં પાણી ન મળતા લોકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ એવો દાવો કરી રહ્યા છે કે યોજના સફળતાપૂર્વક ચાલી રહી છે અને ઘરે-ઘરે પાણી પહોંચી રહ્યું છે. પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. ગ્રામજનો દાવા સાથે સવાલો કરી રહ્યા છે કે, જો કરોડોનો ખર્ચ થયો છે, તો પાણી ક્યાં ગયું? શું અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને જ કાગળ પર વિકાસના આંકડા બતાવે છે?

### શું અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને જ કાગળ પર વિકાસના આંકડા બતાવે છે?



આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ૮૨ ગામોને નર્મદાનું ફિલ્ટરયુક્ત શુદ્ધ પાણી પહોંચાડવાનો હતો. કુકરદા ગામમાં પણ પાઈપ લાઈનો નંખાઈ, ટાંકીઓ બની અને ઘરે-ઘરે નળ પણ લાગ્યા. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ત્રણ-ત્રણ વર્ષથી આ માળખું તૈયાર હોવા છતાં આજદિન સુધી નળમાં પાણીનું ટીપું પણ ટપક્યું નથી.કુકરદા ગામના ૧૨ ફળિયામાં અંદાજે ૬ હજારથી વધુની વસ્તી વસે છે. ઉનાળાની શરૂઆત થતા જ ગ્રામના પંચાયત હસ્તકના બોરના પાણીના સ્તર નીચે ઉતરી ગયા છે અને સ્થાનિક નદીઓ પણ સુકાઈ ગઈ છે. ખાસ કરીને ૫૦૦ની વસ્તી ધરાવતા બોડાબરા ફળિયાની સ્થિતિ અત્યંત કપરી છે. અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં પાણી ન મળતા લોકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે.પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ એવો દાવો કરી રહ્યા છે કે યોજના સફળતાપૂર્વક ચાલી રહી છે અને ઘરે-ઘરે પાણી પહોંચી રહ્યું છે. પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. ગ્રામજનો દાવા સાથે સવાલો કરી રહ્યા છે કે, જો કરોડોનો ખર્ચ થયો છે, તો પાણી ક્યાં ગયું? શું અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને જ કાગળ પર વિકાસના આંકડા બતાવે છે? ચૂંટણી ટાણે મતો માંગવા આવતા નેતાઓ આ તરસ્યા આદિવાસી વિસ્તારની મુલાકાત લેવાની તસ્દી લેશે ખરા?

## ન્યૂઝ બ્રિફ

### વડોદરા : ઘરની તિજોરીના લોકરમાંથી રોકડા ૧.૪૬ લાખની ચોરી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

ખોડીયાર નગર ગોકુલધામ ટાઉનશિપમાં રહેતા પૂર્વીબેન સોલંકી ખાનગી હોસ્પિટલમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે બાપોદ પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત ચૌદ ની તારીખે અમારા ફ્લેટમાં રહેતા અંજલીબેન ગાયકવાડના ઘરે લગ્ન પ્રસંગ હતો. તેમણે મને કહ્યું હતું કે તમારા ઉપરના મકાનમાં અમારે સંબંધીઓને રહેવા માટે વ્યવસ્થા કરવી છે પરંતુ ત્યાં લાઈટ કનેક્શન નથી તમારા મકાનમાંથી લાઈટ કનેક્શન જોઈએ છે જેથી મે હા પાડતા તેઓએ અમારા મકાનમાંથી લાઈટ કનેક્શન લીધું હતું. ૧૫ મી તારીખે બપોરે મારા પિતા પાસેથી રોકડા ૧.૪૬ લાખ લઈને મારા બેડરૂમની તિજોરીના લોકરમાં મૂક્યા હતા. ત્યારબાદ હું બેંકમાં ગઈ હતી રાત્રે ૯:૩૦ વાગે દૂધ લેવા જવાનું હોય તિજોરીમાંથી રૂપિયા લેવા જતા ૧. ૪૬ લાખ રૂપિયા ચોરી થઈ ગયા હતા.

### દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરુચથી વડોદરા તરફની ટ્રેક ઉપર દરાપુરા પાટોદ બ્રીજ નજીક ગઈ રાત્રે જિલ્લા એલસીબીનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાટલી મળી હતી કે GJ-૦૮ પાસિંગ આઈસર ગાડીમાં દારૂનો જથ્થો ભરેલ છે અને આ આઈસર હાલમાં દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરુચથી વડોદરા તરફની ટ્રેક ઉપર આવી રહેલ છે.જે બાતમી આધારે દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરુચથી વડોદરા તરફની ટ્રેક ઉપર દરાપુરા પાટોદ બ્રીજથી આસરે ૨૦૦ મીટર પહેલા ભરુચથી વડોદરા તરફની ટ્રેક ઉપરથી વીરારામ ચેનારામ જાટ રહે. ડેલા લાલજી કી ડુંગરી, તા. ચિતલવાના જી.સાચોર રાજસ્થાન મળ્યો હતો તેને સાથે રાખીને આઈસરમાં તપાસ કરતા દારુની કુલ પેટી નંગ- ૩૩૫ જેમાં કુલ બોટલ નંગ- ૮૭૨૪ કુલ કિ.રૂ.૪૧.૪૯ લાખનો દારૂ મળ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો તથા બે મોબાઈલ આઈસર મળી કુલ કી.રૂ. ૫૧.૬૧નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અશોક ગેહલોત આવતીકાલે ભાવનગર, લાઠી અને રાજુલામાં સભા સંબોધશે. જ્યારે ૭ નવેમ્બરે સુરેન્દ્રનગર, આંકલાવ અને વડોદરામાં સભાને સંબોધશે.

30 બેડનું અદ્યતન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, વિરાટનગર વિસ્તારના નાગરિકોને વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ થશે

# વિરાટનગરને આરોગ્ય ક્ષેત્રે મોટી સોગાદ : રૂ.૧૦.૯૧ કરોડના ખર્ચે આધુનિક કોમ્યુનિટી હેલ્થ સેન્ટર શરૂ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ ઝોનના વિરાટનગર વોર્ડમાં અંદાજીત રૂ. ૧૦.૯૧ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલ નવું કોમ્યુનિટી હેલ્થ સેન્ટર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ આધુનિક હેલ્થ સેન્ટરથી વિરાટનગર વિસ્તારના નાગરિકોને વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ એક જ સ્થળે ઉપલબ્ધ થશે.૩૦ બેડની ક્ષમતા ધરાવતા આ બે માળના કોમ્યુનિટી



હેલ્થ સેન્ટરમાં જનરલ ઓ.પી.ડી. સહિત વિવિધ વિશેષ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ઈમરજન્સી રૂમ, હડકવા વિરોધી રસીકરણ રૂમ, ડ્રેસિંગ રૂમ, સર્જીકલ ઓ.પી.ડી., જનરલ ઓ.પી.ડી., મેડિકલ ઓફિસર રૂમ, ક્લાર્ક/સ્વચ્છરૂ રૂમ, તબીબી અધીક્ષક રૂમ, સ્ત્રીરોગ ઓ.પી.ડી., સોનોગ્રાફી રૂમ, એક્સ-રે રૂમ, સેમ્પલ કલેક્શન રૂમ, લેબોરેટરી, ડોટ્સ અને ટી.બી. રૂમ, આંખ, હાડકા તથા કાન-નાક-ગળાની ઓ.પી.ડી. જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.પ્રથમ માળ પર ડ્રગ સ્ટોર રૂમ-૧, દાંતની ઓ.પી.ડી., બાળકોની ઓ.પી.ડી., નર્સિંગ સ્ટેશન, પુરુષ વોર્ડ, પ્રસુતા વોર્ડ, પ્રસુતિ રૂમ, એ.એન.સી. ટ્રાયજ રૂમ, સ્ટાફ રૂમ, મેટરનિટી વોર્ડ અને સ્ત્રી વોર્ડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.જ્યારે બીજા માળ પર ડ્રગ સ્ટોર રૂમ-૨, સ્કીન ઓ.પી.ડી., મેડિકલ રેકોર્ડ રૂમ, રસીકરણ રૂમ, સ્તનપાન કક્ષ, ત્રણ ઓપરેશન થિયેટર, ઓટોક્લેવ રૂમ, સ્કબ રૂમ, ડોક્ટર રૂમ, પોસ્ટ ઓપરેટિવ રૂમ, પ્રી ઓપરેટિવ રૂમ, ડાયાલીસિસ રૂમ અને ડાયાલીસિસ સ્ટોર જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

હોસ્પિટલની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા

# અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં ગંભીર બેદરકારી ચાલતી હોવાનો આક્ષેપ । વીડિયો બનાવનાર યુવતીની માતાનું મોત

## જનરલ વોર્ડમાં ચાર દિવસ રહ્યા બાદ ડોક્ટરોએ કફ કાઢવા માટે 'બ્રોન્કોસ્કોપી' કરવાની સલાહ આપી હતી । પ્રક્રિયા દરમિયાન મહિલાને અસ્થમાનો એટેક આવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી અત્યાધુનિક એસવીપી હોસ્પિટલની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સોશિયલ મીડિયા પર ક્ષિતિશા સોની નામની યુવતીનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં તેણે રડતા અવાજે હોસ્પિટલના ડોક્ટરો પર બેદરકારી અને આયુષ્માન કાર્ડના નામે દર્દીઓ પર 'પ્રયોગો' કરવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો છે. તેની



માતા ગીરાબેન સોનીને અસ્થમા અને ડાયાબિટીસની તકલીફ હોવાથી એસવીપી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જેમનું ગઈ કાલે બુધવારે રાત્રે સારવાર દરમિયાન મોત થઈ ગયું છે. જેને કારણે આ વિવાદ વધુ વકર્યો છે. અને સુપ્રીટેન્ડેન્ટે સમગ્ર મામલે તપાસના આદેશ આપ્યા છે.ક્ષિતિશાના જણાવ્યા અનુસાર, તેની માતા ગીરાબેન સોનીને અસ્થમા અને ડાયાબિટીસની તકલીફ હોવાથી ૨૧ તારીખે એસવીપી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જનરલ વોર્ડમાં ચાર દિવસ રહ્યા બાદ ડોક્ટરોએ કફ કાઢવા માટે 'બ્રોન્કોસ્કોપી' કરવાની સલાહ આપી હતી. આ પ્રક્રિયા દરમિયાન મહિલાને અસ્થમાનો એટેક આવ્યો અને તેમની સ્થિતિ અચાનક કથળવા લાગી હતી.

### અમદાવાદ : ક્રિપ્ટોમાં રોકાણની લાલચ પડી ભારે, મોબાઈલ રિપેરિંગ કરતા યુવકે ૫ લાખ ગુમાવ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૫ ।

અમદાવાદ શહેરમાં રોકાણના નામે છેતરપિંડી કરતી ગેંગ વધુ સક્રિય થઈ છે. અમદાવાદના બોપલ વિસ્તારમાં મોબાઈલ રિપેરિંગનો વ્યવસાય કરતા એક યુવકને ક્રિપ્ટોકરન્સીમાં ઓછું રોકાણ કરી વધુ વળતર મેળવવાની લાલચ એટલી મોંઘી પડી કે તેણે પોતાની પરસેવાની કમાણીના ૫.૫૬ લાખ રૂપિયા સાયબર ઠગોને હવાલે કરી દીધા છે.મળતી માહિતી અનુસાર, ઘાટલોડિયામાં રહેતા ૩૪ વર્ષીય શક્તિસિંહ ઠાકોર સાથે થયેલી આ છેતરપિંડીની શરૂઆત એક ઈન્ટરનેશનલ વોટ્સએપ નંબરથી થઈ હતી. ૯-૮-૨૦૨૫ના રોજ 'માયા શર્મા' નામની યુવતીએ શક્તિસિંહનો સંપર્ક કરી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવાની લિંક મોકલી હતી.

# યુદ્ધના ઓછાયા વચ્ચે દુબઈથી ૧૭૦ મુસાફરો અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા । પરિજનોની આંખોમાં હરખના આંસુ!!

## પોલીસે દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધના કારણે ઈન્ટરનેશનલ સ્તરે ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. આ યુદ્ધને લીધે એર સ્પેસ બંધ કરી દેવામાં આવતા દુબઈ સહિતના વિસ્તારોમાં ગુજરાતના અનેક મુસાફરો અટવાયા હતા. ફસાયેલા આ પ્રવાસીઓએ ભારત સરકારને વતન પરત લાવવા માટે આજીજી કરી હતી, જે બાદ વિશેષ વ્યવસ્થા દ્વારા મુસાફરોને સુરક્ષિત રીતે ભારત લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજે વહેલી સવારે ખાસ ફ્લાઈટ દ્વારા ૧૭૦ જેટલા પેસેન્જરો અમદાવાદ એરપોર્ટ આવ્યા હતા. પરિજનોની ઘરવાપસી થતાં એરપોર્ટ પર ભાવુક દૃશ્યો સર્જાયા હતા. આ યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે વહેલી સવારે ૧૭૦ ભારતીય મુસાફરોને લઈને એક ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર આવી હતી.

### મુશ્કેલીના સમયે તેમને ત્યાં ફ્રી સુવિધા અને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો

વિમાનમાંથી બહાર આવેલા મુસાફરોએ પોતાનો અનુભવ વિશે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા બે દિવસથી દુબઈમાં ફસાયેલા હતા અને ત્યાં બોમ્બ તેમજ મિસાઈલ ધડાકાના અવાજો વચ્ચે ભારે ડરનો માહોલ હતો. જોકે, મુસાફરોએ ભારત સરકાર અને તંત્રનો આભાર માનતા કહ્યું કે, મુશ્કેલીના સમયે તેમને ત્યાં ફ્રી સુવિધા અને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. પોતાના વતનની ધરતી પર પગ મૂકતા જ મુસાફરો અને તેમના પરિવારોના જીવમાં જીવ આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે એક દિવસ અગાઉ ૨૧૦ મુસાફરો સાથે પણ એક ફ્લાઈટ અમદાવાદ આવી પહોંચી હતી.

મુખ્ય વિશેષતાઓમાં ગેર નૃત્ય અને પરંપરાગત વાદ્યો

ભારતીય ડાક વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી રાઠવા આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરાને હવે વૈશ્વિક મંચ મળશે

# ક્વાંટના વિશ્વપ્રસિદ્ધ 'ગેર મેળા'ને મળી નવી ઓળખ ખાસ 'ડાક ટિકિટ'-વિશેષ આવરણનું કરાયું વિમોચન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

ગુજરાતની સમૃદ્ધ આદિવાસી પરંપરા અને સાંસ્કૃતિક વારસાને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. છોટાઉદેપુર જિલ્લાના વિશ્વપ્રસિદ્ધ 'ક્વાંટ ગેર મેળા' પર આધારિત કસ્ટમાઈઝ્ડ ડાક ટિકિટ અને વિશેષ આવરણનું ૦૫ માર્ચ ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી દ્વારા વિમોચન કરવામાં આવ્યું છે.હોળીના તહેવાર પછી તરત જ યોજાતો 'ક્વાંટ ગેર મેલો' માત્ર એક ઉત્સવ નથી, પણ આદિવાસી સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ છે. તેની મુખ્ય વિશેષતાઓમાં ગેર નૃત્ય અને પરંપરાગત વાદ્યો છે. એટલે કે ઢોલ-નગારાના તાલે થતું પરંપરાગત નૃત્ય આ મેળાનું મુખ્ય આકર્ષણ છે. આદિવાસી પુરુષો પોતાના શરીર પર પીઠોરા શૈલીની કલાત્મક આકૃતિઓ અને રંગબેરંગી વેશભૂષા ધારણ કરે છે. આ મેળો આદિવાસી સમાજની એકતા, શ્રદ્ધા અને ભાઈચારાનું પ્રતિક છે. તે સામાજિક સમરસતાનું પ્રતિક છે.ભારતીય ડાક વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી રાઠવા આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરાને હવે વૈશ્વિક મંચ મળશે. વિમોચન પ્રસંગે જણાવવામાં આવ્યું હતું કે, ડાક ટિકિટ એ માત્ર ટિકિટ નથી પણ દેશના ઈતિહાસ અને વારસાને દર્શાવતું માધ્યમ છે. ક્વાંટ ગેર મેળા પર ડાક ટિકિટ જારી થવાથી યુવા પેઢીમાં પોતાની મૂળ સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ આવશે. આદિવાસી કલા, સંગીત અને નૃત્યને દસ્તાવેજી સ્થાયિત્વ મળશે. અને પ્રવાસન ક્ષેત્રે આ મેળાની પ્રતિષ્ઠા વધશે.આ પ્રસંગે છોટાઉદેપુરના સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર અને આદિવાસી સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. છોટાઉદેપુરના કલેક્ટર અને સાંસદે આ પહેલને બિરદાવતા કહ્યું હતું કે, રાઠવા સમાજની આ પરંપરા હવે ટપાલના માધ્યમથી દેશ-વિદેશના ખૂણે-ખૂણે પહોંચશે, જે આદિવાસી કલાના જતન માટે ગૌરવની ક્ષણ છે.

### આદિવાસી કલા, સંગીત અને નૃત્યને દસ્તાવેજી સ્થાયિત્વ મળશે

ભારતીય ડાક વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી રાઠવા આદિવાસી સમાજની વર્ષો જૂની પરંપરાને હવે વૈશ્વિક મંચ મળશે. વિમોચન પ્રસંગે જણાવવામાં આવ્યું હતું કે, ડાક ટિકિટ એ માત્ર ટિકિટ નથી પણ દેશના ઇતિહાસ અને વારસાને દર્શાવતું માધ્યમ છે. ક્વાંટ ગેર મેળા પર ડાક ટિકિટ જારી થવાથી યુવા પેઢીમાં પોતાની મૂળ સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ આવશે. આદિવાસી કલા, સંગીત અને નૃત્યને દસ્તાવેજી સ્થાયિત્વ મળશે. અને પ્રવાસન ક્ષેત્રે આ મેળાની પ્રતિષ્ઠા વધશે.

### અમદાવાદના દસક્રોઈના ટીંબામાં પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના દસક્રોઈ જિલ્લાના ટીંબા ગામેથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જેને ઓલવવા માટે ફાયરબ્રિગેડના ૧૫ વાહનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી.







**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya